dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 156 | AD - 2026, Fagan Vad - 10 | Saturday, Dt. 14-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## જો મર્યાદા ઓળંગીને ટેબલ પર ચઢવા જેવા કૃત્યો કરશે તો શિસ્તભંગના પગલાં અનિવાર્ય બનશે : સ્પીકર

# દેશમાં પેટ્રોલ, ડીઝલ કે કેરોસીનની કોઈ અછત નથી : પેટ્રોલીયમ મંત્રી

ન્યુ દિલ્હી,તા.૧૩

ભારતીય સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો હાલમાં ભારે ગરમાગરમી અને રાજકીય ખેંચતાણનો સાક્ષી બની રહ્યો છે. શુક્રવારે લોકસભામાં પ્રશ્નકાળ શરૂ થતાની સાથે જ જે દ્રશ્યો સર્જાયા તે લોકશાહીના મંદિરની ગરિમા અને વિપક્ષી વિરોધના મિશ્રણને પ્રતિબિંબિત કરે છે. સંસદના આજના દિવસની શરૂઆત શાંતિપૂર્ણ થવાને બદલે હોબાળા સાથે થઈ હતી, જેમાં વિપક્ષી સાંસદોએ સસ્પેન્ડ કરાયેલા સાથીઓની વાપસી અને વધતી મોંઘવારીના મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. રાહુલ ગાંધી સહિતના અગ્રણી વિપક્ષી નેતાઓએ આઠ સસ્પેન્ડ કરાયેલા સાંસદોનો મુદ્દો ઉઠાવીને ગૃહમાં જોરદાર વિરોધ નોંધાવ્યો હતો. આ તબક્કે લોકસભા સ્પીકર ઓમ બિરલાએ અત્યંત કડક વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું હતું કે ગૃહમાં શિસ્તભંગ ચલાવી લેવામાં આવશે નહીં. તેમણે સાંસદોને ટકોર કરતા કહ્યું હતું કે જો મર્યાદા ઓળંગીને ટેબલ પર ચઢવા જેવા કૃત્યો કરવામાં આવશે તો શિસ્તભંગના પગલાં અનિવાર્ય બનશે. સંસદની પ્રતિષ્ઠા જાળવવી એ માત્ર સત્તાધારી પક્ષની નહીં પરંતુ દરેક ચૂંટાયેલા પ્રતિનિધિની નૈતિક જવાબદારી છે તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. સતત વધતા હંગામાને કારણે ગૃહની કાર્યવાહી વારંવાર સ્થગિત કરવી પડી હતી, જેનાથી જનહિતના મહત્વના મુદ્દાઓ પર ચર્ચામાં અવરોધ ઊભો થયો હતો.એક તરફ જ્યારે સંસદની અંદર સૂત્રોચ્ચાર ચાલી રહ્યા હતા, ત્યારે બીજી તરફ વિરોધ પક્ષોએ સંસદ સંકુલમાં પ્લેકાર્ડ સાથે એલપીજીના ભાવવધારા મુદ્દે દેખાવો કર્યા હતા. વિપક્ષનો આરોપ છે કે સરકાર સામાન્ય



જનતાને મોંઘવારીના ખપ્પરમાં હોમી રહી છે. જોકે, સરકાર વતી નાણામંત્રી નિર્મલા સીતારમણે અત્યંત તાર્કિક અને આંકડાકીય જવાબ આપીને સરકારનો પક્ષ મજબૂતીથી રજૂ કર્યો હતો. તેમણે વૈશ્વિક પરિસ્થિતિઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષોને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈનમાં મોટા વિક્ષેપો પડ્યા છે. આ બાહ્ય પરિબળોને કારણે ભારત સામે પણ અમુક આર્થિક પડકારો ઊભા થયા છે. આ પડકારોનો સામનો કરવા માટે કેન્દ્ર સરકારે રૂ.૧ લાખ કરોડના 'આર્થિક સ્થિરીકરણ ભંડોળ' ની જાહેરાત કરી છે. આ ભંડોળ એક સુરક્ષા કવચ તરીકે કામ કરશે જે આંતરરાષ્ટ્રીય બજારમાં ઉર્જાના ભાવમાં થતા વધારા કે અન્ય આર્થિક અસ્થિરતા સામે દેશના અર્થતંત્રને રક્ષણ આપશે. નાણામંત્રીએ વિપક્ષને આડે હાથ લેતા કહ્યું હતું કે જ્યારે દેશ આવા ગંભીર વૈશ્વિક પડકારો સામે લડી રહ્યો હોય ત્યારે વિપક્ષે નકારાત્મક રાજનીતિ છોડીને સરકાર સાથે ખભે ખભો મિલાવીને ચાલવું જોઈએ. પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ પણ ગૃહમાં ખાતરી આપી હતી કે દેશમાં પેટ્રોલ, ડીઝલ કે કેરોસીનની કોઈ અછત નથી. વિપક્ષ દ્વારા ફેલાવવામાં આવતી અછતની વાતોને તેમણે પાયાવિહોણી ગણાવી હતી. નાણામંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર દરેક પરિસ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહી છે જેથી સામાન્ય નાગરિકોને આંતરરાષ્ટ્રીય કટોકટીની સીધી અસર ન થાય. વિપક્ષના "નામ નરેન્દ્ર, કામ સરેન્ડર" જેવા સૂત્રો સામે વળતો પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે સરકાર સપ્લાય ચેઈનને જાળવી રાખવા અને જનતાને આશ્વાસન આપવા માટે પ્રતિબધ્ધ છે. ટીએમસી દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવા માટે લાવવામાં આવેલો પ્રસ્તાવ પણ આજના દિવસની એક મહત્વની રાજકીય ઘટના રહી હતી. એકંદરે, સંસદનું આ સત્ર માત્ર આર્થિક નીતિઓ પર જ નહીં પરંતુ સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચેના ગંભીર વૈચારિક અને રાજકીય સંઘર્ષનું કેન્દ્ર બની રહ્યું છે. દેશના હિતમાં રાજકીય પક્ષોએ એકતા બતાવવાની જરૂર છે તેવો સૂર નાણામંત્રીના વક્તવ્યમાં સ્પષ્ટપણે વર્તાતો હતો.

## વિરોધ પક્ષોએ સંસદ સંકુલમાં પ્લેકાર્ડ સાથે એલપીજીના ભાવવધારા મુદ્દે દેખાવો કર્યા

# પશ્ચિમ ઈરાકના આકાશમાં અમેરિકી એરફોર્સનું વિમાન ક્રેશ : ૪ સૈનિકોના મોત

બગદાદ,તા.૧૩

પશ્ચિમી ઈરાકના આકાશમાં ચાલી રહેલા સૈન્ય ઓપરેશન દરમિયાન અમેરિકી એરફોર્સનું KC-135 સ્ટ્રેટોટેન્કર રિફ્યુલિંગ વિમાન ગુરુવારે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર આ કરુણ ઘટનામાં વિમાનમાં સવાર છ ક્રૂ મેમ્બર્સમાંથી ચાર સૈનિકોના કમનસીબ મોત નીપજ્યા છે જ્યારે બાકીના બે સૈનિકો હજુ પણ ગુમ હોવાથી તેમની શોધખોળ સઘન બનાવવામાં



આવી છે. આ મિશનમાં અન્ય એક ટેન્કર વિમાન પણ સામેલ હતું જે સુરક્ષિત રીતે પરત ફર્યું છે. સૈન્ય અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે આ અકસ્માત પાછળ કોઈ દુશ્મન દેશનો હુમલો કે આકસ્મિક ફ્રેન્ડલી ફાયર જવાબદાર નથી. આ ઘટના બાદ વર્તમાન સંઘર્ષમાં જીવ ગુમાવનાર અમેરિકી સૈનિકોની કુલ સંખ્યા વધીને અગિયાર પર પહોંચી છે જેમાં અગાઉ કુવૈત અને સાઉદી અરબમાં થયેલા હુમલાના ભોગ બનેલા સૈનિકોનો પણ સમાવેશ થાય છે. ઓમાનના સોહાર શહેરમાં ડ્રોન હુમલામાં ૨ ભારતીયોના મોત થયા છે. વિદેશ મંત્રાલયે શુક્રવારે આ માહિતી આપી. પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે ડ્રોન હુમલામાં ૧૧ લોકો ઘાયલ પણ થયા છે જેમાં ૧૦ ભારતીયો છે.વિદેશ મંત્રાલયના ગલ્ફ ડિવિઝનના અધિકારી અસીમ

### ઓમાનમાં થયેલા ડ્રોન હુમલામાં બે ભારતીયોના મોત


મહાજને સરકારી બ્રીફિંગમાં જણાવ્યું કે આ ઘટના મસ્કત નજીક આવેલા સોહાર શહેરમાં બની હતી.તેમણે કહ્યું કે ભારતીય અધિકારીઓ સ્થાનિક પ્રશાસન અને સંબંધિત કંપની સાથે સતત સંપર્કમાં છે, જેથી ઘાયલોને શક્ય તમામ મદદ પૂરી પાડી શકાય. આ સાથે ભારતીય દૂતાવાસ મૃતકોના પાર્થિવ શરીરને ભારત મોકલવાની પ્રક્રિયામાં પણ મદદ કરી રહ્યું છે.












# મોટી કુંકાવાવમાં વ્રજ વિદ્યાલય ખાતે ગુડ ટચ-બેડ ટચ વિશે સમજણ અપાઈ

**ચાઈલ્ડ એબ્યુઝના કિસ્સામાં બાળકોને પોલીસનો સંપર્ક કરવા પ્રોત્સાહિત કરાયા**

અમરેલી, તા.૧૩

અમરેલી પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટીના ‘મિશન સ્માઈલ’ પ્રોજેક્ટ હેઠળ બાળકોમાં વધતા અપરાધો રોકવા માટે એક વિશેષ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી કુંકાવાવ ગામે આવેલી વ્રજ વિદ્યાલય ખાતે આ કાર્યક્રમમાં બાળકોને વિવિધ કાર્ડસ અને પેમ્પલેટ્સના માધ્યમથી અત્યંત



સરળ શૈલીમાં સુરક્ષાના પાઠ ભણાવવામાં આવ્યા હતા. ખાસ કરીને બાળકોને સચિત્ર માહિતી દ્વારા ‘ગુડ ટચ’ અને ‘બેડ ટચ’ વચ્ચેનો તફાવત સમજાવવામાં આવ્યો હતો, જે આજના સમયમાં અત્યંત અનિવાર્ય છે. કાર્યક્રમ દરમિયાન જો કોઈ અનિચ્છનીય બનાવ બને, તો બાળકો અને વાલીઓએ કઈ સાવચેતી રાખવી તે અંગે પણ વિગતવાર માર્ગદર્શન અપાયું હતું. ચાઈલ્ડ એબ્યુઝના કિસ્સામાં ત્વરિત મદદ મેળવવા માટે ચાઈલ્ડ હેલ્પ લાઈન નંબર ૧૦૯૮ અને પોલીસનો સંપર્ક કરવા પ્રોત્સાહિત કરાયા હતા. આ અવસરે કુંકાવાવ પોલીસ સ્ટાફના ASI ભાવેશભાઈ ધ્રાધલા તથા કોન્સ્ટેબલ મયુરભાઈ છૈયાએ ઉપસ્થિત રહી બાળકોને સુરક્ષાનું કવચ પૂરું પાડ્યું હતું. શાળાના આચાર્ય વિવેકભાઈ દીક્ષિતે પોલીસ વિભાગનો આભાર માની સન્માન કર્યું હતું અને ટ્રસ્ટના પ્રતિનિધિઓએ પણ આ સુંદર પ્રવૃત્તિને બિરદાવી હતી.

# પીજીવીસીએલ અમરેલી દ્વારા ફરી વીજ બિલ વસૂલાત ઝુંબેશ શરૂ કરાશે

**બાકી લેણાં ધરાવતા ગ્રાહકો માટે ૧૭ તારીખે માસ ડિસ્કનેક્શન ડ્રાઈવ**

અમરેલી,તા.૧૩

અમરેલી વર્તુળ કચેરી દ્વારા ગત ૨૫ ફેબ્રુઆરીના રોજ આયોજિત મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવને ગ્રાહકોનો અભૂતપૂર્વ સહકાર મળ્યો હતો. જોકે, હજુ પણ અનેક ગ્રાહકોના વીજ બિલ ભરવાના બાકી હોવાથી તંત્ર દ્વારા આગામી ૧૭ તારીખના રોજ ફરીથી મોટા પાયે ‘માસ ડિસ્કનેક્શન ડ્રાઈવ’નું આયોજન કરવામાં આવ્યું છે. અધિક્ષક ઈજનેર જે. એસ. દહિયાએ અમરેલીના તમામ માનવતા વીજ ગ્રાહકોને નમ્ર અપીલ કરી છે કે વીજ જોડાણ કપાવાની અપ્રિય પરિસ્થિતિ ટાળવા માટે ટીમ તમારા ઘરે પહોંચે તે પહેલાં જ બાકી રહેલા બિલોની ચુકવણી કરી દેવી અનિવાર્ય છે. પીજીવીસીએલ વહીવટી તંત્ર આપના સહકારની અપેક્ષા રાખે છે જેથી અવિરત વીજ સેવા જળવાઈ રહે.

# બાઢડા ગામે પાંચ લાખના ખર્ચે બનેલો નવો પુલ લોકાર્પણ પૂર્વે જ ધરાશાયી

**હલકી ગુણવત્તાના મટીરિયલ મુદ્દે જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ**

બાઢડા,તા.૧૩

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામમાં લામધાર નદીના પરાવિસ્તારને જોડવા માટે પાંચ લાખ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલો નવો પુલ લોકો માટે ખુલ્લો મુકાય તે પહેલાં જ ધરાશાયી થયો છે. આ પુલનું



નિર્માણ કાર્ય માંડ દસેક દિવસ પહેલા જ પૂર્ણ થયું હતું, પરંતુ પુલ પર માટીકામની પ્રક્રિયા ચાલુ હતી તે દરમિયાન જ આખું માળખું એકાએક બેસી ગયું હતું. આ ઘટનાને પગલે વિકાસ કામોની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિક ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે પુલના નિર્માણમાં અત્યંત હલકી ગુણવત્તાના મટીરિયલનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેના કારણે પુલ વપરાશ પૂર્વે જ તૂટી પડ્યો છે. ગ્રામજનોમાં આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે અને તેમણે આમાં મિલીભગત હોવાની શંકા વ્યક્ત કરી છે. હાલ આ મામલે તાત્કાલિક અને નિરપેક્ષ તપાસ કરીને જવાબદાર અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટર સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ સાથે સત્તાધીશોને રજૂઆત કરવામાં આવી છે.

# વડિયામાં ગેસ સિલિન્ડર આપવામાં એજન્સીના ઠાગા ઠૈયા, લોકો લાઈનો લગાડવા મજબૂર

વડિયા,તા.૧૩

ભારત અને ગુજરાતમાં હાલ એલપીજી ગેસની અછતનો સામનો કરવા લોકો મજબુર બનતા જોવા મળી રહ્યા છે. બીજી બાજુ વડિયામાં છેલ્લા બે ત્રણ દિવસથી સવારથી જ ગેસ એજન્સીમાં લાઈનો લગાડતાં લોકોના ટોળાં જોવા મળી રહ્યા છે અને લોકો ઘર વપરાશ માટે ગેસની બોટલો લેવા પડાપડી કરતા જોવા મળી રહ્યા છે. આ સ્થિતિમાં વડિયામાં આવેલી અલખદીપ ગેસ એજન્સી



દ્વારા હોમ ડીલેવરી બંધ કરવામાં આવી છે. જે ગ્રાહક એજન્સી પર બોટલની તપાસ કરવા જાય તેને બોટલ જોતી હોય તો એજન્સીના ગોડાઉન પર જાતે લઈ આવવી પડશે તેવા ઉધ્ધતાઈભર્યા વર્તનથી વડિયા ગામના લોકો પરેશાન થતા જોવા મળી રહ્યા છે. અમરેલી રોડ પર આવેલાં એજન્સીના ગોડાઉનથી વડિયા ગામમાં ગેસની બોટલ લાવવાના વૃધ્ધ લોકો કે વાહન વિહોણા લોકો સો સો રૂપિયા ભાડુ આપવા મજબુર બની રહ્યા છે. વાસ્તવમાં ગ્રાહક દ્વારા ગેસની બોટલ બુક કર્યા પછી ગેસ એજન્સીએ ગેસની બોટલની હોમ ડીલેવરી કરવાની હોય છે અને એ માટે નિયત કરેલું ભાડુ ગેસ એજન્સી વસુલતી હોય છે, પરંતુ વડિયાની એજન્સીના સંચાલકની મનમાની અને જો હુકમીથી લોકોને ગેસના સિલિન્ડરની હોમ ડીલેવરી મળતી ના હોવાથી લોકો હાલ લારીવાળાઓ પાસે લૂંટવા મજબુર બનતા જોવા મળી રહ્યા છે.

**જાફરાબાદના બાલાનીવાવ નજીક ગત તા.૨૬ જાન્યુઆરીના રોજ**

# માદા દીપડાનું મોત નિપજાવનાર વડોદરાના કારચાલકની અટકાયત

**વનવિભાગે કારને ડીટેઈન કરી, કારચાલકની પુછપરછ શરૂ કરી**

જાફરાબાદ,તા.૧૩

જાફરાબાદ તાલુકાના બાલાનીવાવ નજીક ગત ૨૬ જાન્યુઆરીના રોજ બનેલી હૃદયદ્રાવક ઘટનામાં વનવિભાગને મોટી સફળતા મળી છે. ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર અજાણ્યા વાહનની ટક્કરે એક માદા દીપડાનું કરુણ મોત નીપજ્યું હતું. આ મામલે જાફરાબાદ વનવિભાગે ઝીણવટભરી તપાસ



તસવીર : બાબુભાઈ વાઢેળ

હાથ ધરી વડોદરાના ફતેગંજ વિસ્તારમાં રહેતા જોય થેવાલીયમની ઓળખ કરી હતી. વનવિભાગ દ્વારા નોટિસ પાઠવવામાં આવતા આરોપી પોતાની કિયા કેરેન્સ કાર સાથે વનવિભાગ સમક્ષ હાજર થયા હતા. શેત્રુંજી ડિવિઝનના એ.સી.એફ. વિરલ સિંહ ચાવડાના જણાવ્યા મુજબ, વનવિભાગે આ અકસ્માત બદલ ગુનો નોંધીને વાહનને ડિટેઈન કર્યું છે અને હાલ ચાલકની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે. નોંધનીય છે કે આ હાઈવે પર અગાઉ પણ વન્યજીવોના અકસ્માતે મોત થયાના કિસ્સાઓ બન્યા છે. જાફરાબાદ વનવિભાગે અગાઉ બે સિંહોના અકસ્માત કેસ ઉકેલ્યા બાદ હવે આ દીપડાના કેસમાં પણ સફળતા મેળવી છે.

# લાઠીના હીરાણા પ્રા.શાળા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

લાઠી,તા.૧૩

લાઠી તાલુકાના હીરાણા ગામની પ્રાથમિક શાળામાં સેવા સેતુ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ અભિયાનનો મુખ્ય હેતુ ખેત મજૂરો અને મધ્યમવર્ગીય પરિવારોને સરકારી યોજનાઓના લાભો સીધા તેમના ઘરઆંગણે પૂરા પાડવાનો હતો. કાર્યક્રમ



દરમિયાન મામલતદાર અને તાલુકા પંચાયત કચેરીના વિવિધ વિભાગોના અધિકારીઓ જરૂરી સાધન-સામગ્રી સાથે હાજર રહ્યા હતા. સવારના નવ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી ચાલેલા આ શિબિરમાં નાગરિકોના વહીવટી પ્રશ્નો અને ગૂંચવણોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો.

# અમરેલી આઈ.સી.ડી.એસ. ઘટક-૧માં નવીનીકરણ ઝુંબેશ હેઠળ ૪૦ કેન્દ્રોની કામગીરી પૂર્ણ

અમરેલી,તા.૧૩

રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્યભરમાં હાથ ધરવામાં આવેલ “આંગણવાડી નવીનીકરણ ઝૂંબેશ” અંતર્ગત અમરેલી તાલુકાના આઈ.સી.ડી.એસ. ઘટક-૧ હેઠળ નોંધપાત્ર કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડ્યા, જિલ્લા પ્રોગ્રામ અધિકારી, હીરાબહેન રાજશખા, બાળ વિકાસ યોજના અધિકારી નિરાલી બહેન કિકાણીના માર્ગદર્શન હેઠળ ઘટક-૧માં બાળકોના પોષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણના સ્તરને વધુ મજબૂત બનાવવા વિવિધ કામગીરી કરવામાં આવી છે.

આ ઝુંબેશ અંતર્ગત કુલ ૪૦ આંગણવાડી કેન્દ્રોમાં નવીનીકરણની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે જ્યારે ૩૨ કેન્દ્રોમાં કામગીરી હાલ પ્રગતિમાં છે. આ સુધારાઓના કારણે આંગણવાડી ભવનો વધુ સુરક્ષિત, મજબૂત અને બાળકો માટે અનુકૂળ બન્યા છે.બાળકોને આનંદદાયક શૈક્ષણિક વાતાવરણ મળી રહે તે માટે દીવાલો પર “બાલા પેઈન્ટ” દ્વારા ગુજરાતી અને અંગ્રેજી મૂળાક્ષરો, અંક, મહિનાના નામો, પશુ-પક્ષીઓના ચિત્રો તેમજ બાળવાર્તાઓનું આલેખન કરવામાં આવ્યું છે. ઉપરાંત છત, બારી-દરવાજા રીપેરીંગ, પ્લાસ્ટર, ફ્લોરિંગ, શૌચાલય રીપેરીંગ, પાણીની પાઈપલાઈન રીપેરીંગ અને કલરકામ જેવી માળખાકીય સુવિધાઓમાં પણ સુધારા કરવામાં આવ્યા છે.

# અમરેલીના ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના શૂટર્સનો રાજ્ય કક્ષાએ દબદબો

અમરેલી,તા.૧૩

વડોદરા ખાતે તારીખ ૧૬ થી ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન રાજ્ય કક્ષાની ખેલ મહાકુંભ શૂટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૫ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં અમરેલી જિલ્લાની શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સંચાલિત જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) ના



ભાઈઓ-બહેનોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને કુલ ૨ સુવર્ણ પદક અને ૩ કાંસ્ય પદક જીતીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. વિજેતા ખેલાડીઓની વિગત મુજબ, તાવીયા ગુંજલ અને બાંભણીયા સૃષ્ટિએ સુવર્ણ પદક (ગોલ્ડ મેડલ) મેળવ્યા છે. જ્યારે કાવર ધરમ, વાઘેલા ખુશાલી અને રાજપરા આકાશે કાંસ્ય પદક (બ્રોન્ઝ મેડલ) પ્રાપ્ત કરીને રાજ્ય કક્ષાએ અમરેલી જિલ્લાનું નામ રોશન કર્યું છે. ખેલાડીઓની આ સિધ્ધિ પાછળ નિયમિત કઠિન પ્રશિક્ષણ, અવિરત મહેનત અને કોચ પુલકીતા નિમ્બાવાલ તેમજ ટ્રેનર્સનું માર્ગદર્શન મહત્વનું રહ્યું છે. આ ગૌરવપૂર્ણ સફળતા બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિજેતા શૂટર્સ અને કોચિંગ સ્ટાફને અભિનંદન પાઠવ્યા છે.







**નાની ઉંમરમાં આંચકી આવતા હાથો નિષ્ક્રીય બની ગયા, દિકરી તમામ કામ હવે પગથી કરે છે**

# વડિયાના ભુખલી સાથલી ગામની દિકરી અનેક લોકો માટે પ્રેરણાસ્ત્રોત બની


તસવીર : મયુર પંડયા

વડિયા તા.૧૩

વડિયા તાલુકાના ભુખલી સાથલી ગામની સાધનાબેન બાબુભાઈ જીકાદરા આજે સમગ્ર સમાજ માટે જીવંત પ્રેરણા સ્ત્રોત બની ગઈ છે. માત્ર છ મહિનાની નાની ઉંમરે આવેલી આંચકીએ સાધનાબેનના હાથોને કાયમ માટે નિષ્ક્રિય કરી દીધા અને બોલવામાં પણ તકલીફ ઊભી કરી હતી. એક સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતા પરિવાર માટે આ વજ્રઘાત સમાન હતું. પિતા બાબુભાઈએ દીકરીને સાજી કરવા માટે ૬૦ જેટલા ડોક્ટરોની મુલાકાત લીધી પરંતુ નસીબે સાથ ન આપ્યો. છતાં આ પરિવાર હાર્યો નહીં અને સાધનાબેને પોતાની લાચારીને જ પોતાની શક્તિ બનાવી દીધી. આજે ૨૫ વર્ષની વયે સાધનાબેન પોતાના પગોનો ઉપયોગ હાથની જેમ કરીને ઘરના તમામ કાર્યો જેવા કે કપડાં ધોવા, વાસણ સાફ કરવા, ચા બનાવવી અને મોબાઈલ ચલાવવા સુધીના કામો કુશળતાપૂર્વક કરે છે. ઈંટોના ભઠ્ઠા પર મજૂરી કરતા પિતા માટે સાધના એક દીકરી નહીં પણ દીકરા સમાન ટેકો બની છે. સરકાર તરફથી મળતી નજીવી સહાય છતાં,

**દિકરીને સાજી કરવા ગરીબ પરિવારે ૬૦ જેટલા ડોકટરોની મુલાકાત લીધી હતી**

આ દીકરીની હિંમત અને માતા-પિતાનો અતૂટ વિશ્વાસ સાબિત કરે છે કે જો મન મક્કમ હોય તો કોઈપણ શારીરિક અક્ષમતા પ્રગતિના પથમાં આડે આવતી નથી. સાધનાબેનનો આ સંઘર્ષ સમાજમાં હારી ગયેલા લોકો માટે આશાનું એક નવું કિરણ છે.

# અમરેલી જિલ્લામાં તીર્થગામ-પાવનગામ યોજનાનો લાભ લેવામાં ઉદાસીનતા

અમરેલી, તા.૧૩

ગામડાઓ માટે સરકાર અનેક યોજનાઓ ચલાવે છે. જોકે અમરેલી જિલ્લાના લોકોમાં તીર્થગામ-પાવનગામ યોજનાનો લાભ લેવામાં ઉદાસીનતા જોવા મળી હતી. વિધાનસભામાં પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં આ વિગત સામે આવી હતી.લાઠીના ધારાસભ્ય જનક તળાવીયાએ પૂછ્યું કે, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કુલ કેટલા ગામને તીર્થગામ પાવનગામ જાહેર કરવામાં આવ્યા છે અને આ માટે કેટલું પ્રોત્સાહક અનુદાન આપવામાં આવ્યું છે.

જેનો જવાબ આપતાં પંચાયત મંત્રીએ જણાવ્યું, ૨૦૨૩-૨૪માં તીર્થગામ - ૭, પાવનગામ ૮, ૨૦૨૪-૨૫માં તીર્થગામ - શૂન્ય અને પાવનગામ ૫ મળી કુલ ૭ તીર્થગામ અને ૧૩ પાવનગામ જાહેર કરવામાં આવ્યા હતા. ૨૦૨૩-૨૪માં તીર્થગામ માટે રૂ. ૧૪ લાખ અને પાવનગામ માટે રૂ. ૮ લાખ તથા ૨૦૨૪-૨૫માં તીર્થગામ માટે ૦ અને પાવનગામ માટે ૧૨.૫૦ લાખ મળી તીર્થગામ માટે કુલ ૧૪ લાખ અને પાવનગામ માટે ૨૦.૫૦ લાખ પ્રોત્સાહક અનુદાન આપવામાં આવ્યું છે.

# લીલીયા તાલુકા પંચાયત ખાતે પ્રાકૃતિક ઉપજ પોષણ કેન્દ્રનો પ્રારંભ




લીલીયા, તા.૧૩

લીલીયા તાલુકા પંચાયત ભવન ખાતે ૧૨ માર્ચના રોજ સવારે ૧૦ કલાકે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આત્મા પ્રોજેક્ટ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં પ્રાકૃતિક ઉપજ વેચાણ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કેન્દ્રનું ઉદઘાટન તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્યના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ઝેરમુક્ત ખેતી દ્વારા ઉત્પાદિત લીલા શાકભાજી અને ઘઉંની સાથે ગાયના છાણ અને ગૌમૂત્રમાંથી બનેલી વિવિધ વસ્તુઓ જેવી કે સાબુ અને શેમ્પૂ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સ્થાનિક ગ્રાહકોએ શુધ્ધ ખેત પેદાશોની હોંશે હોંશે ખરીદી કરી હતી. આ તકે ઉપસ્થિત તજજ્ઞોએ લોકોને પ્રાકૃતિક ખેતીના ફાયદા અને તેનાથી થતા સ્વાસ્થ્ય લાભો વિશે ઊંડાણપૂર્વક સમજણ પૂરી પાડી હતી.

# અમરેલી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજનાનો લાભ લેવામાં ધારી મોખરે

**બે વર્ષમાં ૬૦૨ ગામોનો યોજનામાં સમાવેશ કરાયો**

અમરેલી, તા.૧૩

ગુજરાત વિધાનસભામાં કિસાન સૂર્યોદય યોજના અંગેનો સવાલ પૂછવામાં આવ્યો હતો. જેમાં ધારીના ધારાસભ્ય (જે. વી. કાકડીયા)એ પૂછ્યું કે, ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોનો કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે. તેમના પ્રશ્નનો જવાબ આપતાં ઉર્જા મંત્રીએ જણાવ્યું, ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ૬૦૨ ગામોનો કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે. અમરેલી તાલુકાના ૭૧ ગામે, બાબરા તાલુકાના ૫૬ ગામ, બગસરા તાલુકાના ૩૪ ગામ, ધારી તાલુકાના ૭૭ ગામ, જાફરાબાદ તાલુકાના ૩૯ ગામ, ખાંભા તાલુકાના ૫૭ ગામ, કુંકાવાવ-વડીયા તાલુકાના ૪૫ ગામ, લાઠી તાલુકાના ૪૮ ગામ, લીલીયા તાલુકાના ૨૬ ગામ, રાજુલા તાલુકાના ૬૯ ગામ અને સાવરકુંડલાના ૭૦ ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વિધાનસભા ગૃહમાં ઉર્જામંત્રીએ રાજ્યના ખેડૂતોને એક શિફ્ટમાં વીજળી આપવાની જાહેરાત કરી હતી. ઉર્જામંત્રીએ જાહેરાત કરતા કહ્યું હતું કે ખેડૂતોને બે શિફ્ટમાં અપાતી વીજળી એક શિફ્ટમાં આપવા માટે ઊર્જા વિભાગ તૈયારી કરી રહ્યું છે. રાત્રે અપાતી વીજળીના બદલે હવે દિવસે ખેડૂતોને એક શિફ્ટમાં આઠ કલાક સળંગ વીજળી આપવાનું સરકારનું આયોજન છે. સવારે સાત વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી વીજળી આપવાનું સરકારનું આયોજન છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

લાભુબેન દેવશીભાઇ આજુગિયા (ઉ. વર્ષ.૭૮)નું તા.૧૩/૦૩/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે દેવશીભાઇ કાનજીભાઈ આજુગિયાના પત્ની અને ભીખુભાઈ દેવશીભાઇ આજુગિયાના માતૃશ્રી થાય છે. સદગતનું બેસણું તા.૧૪/૦૩/૨૦૨૬ના રોજ બપોરે ૪થી ૬ કલાકે તેમના નિવાસ સ્થાન ખોડીયાર નગર, નેસડી રોડ પાણીના ટાંકાની પાછળ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# ધારીના ગોપાલગ્રામ ખાતે આવતીકાલે વિરાટ હિન્દુ સંમેલન

**'જાત-પાતને કરો વિદાય, અમે બધા હિન્દુ ભાઈ-ભાઈ'ના સુત્રને સાર્થક કરવા સંમેલનમાં હાજર રહેવા અપીલ**

ધારી તા.૧૩

ધારી તાલુકાના ગોપાલગ્રામ ખાતે આગામી ૧૫ માર્ચ, ૨૦૨૬ના રોજ એક વિશાળ હિન્દુ સંમેલનનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ગોપાલગ્રામની પટેલ વાડી ખાતે સાંજે ૪.૩૦ થી ૬.૦૦ વાગ્યા દરમિયાન સંપન્ન થશે. શ્રી રામ હિન્દુ મહાસંમેલન સમિતિ અને આસપાસના ૧૦ ગામોના મંડળ દ્વારા સંયુક્ત રીતે આ ભગીરથ કાર્ય ઉપાડવામાં આવ્યું છે.

આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામ્ય વિસ્તારના તમામ હિન્દુઓને એકમંચ પર લાવી સામાજિક એકતા વધુ મજબૂત કરવાનો છે. 'સંગઠિત હિન્દુ – સમર્થ ભારત'ના મંત્ર સાથે યોજાનારા આ કાર્યક્રમમાં 'જાત-પાતને કરો વિદાય, અમે બધા હિન્દુ ભાઈ-ભાઈ'ના સૂત્રને સાર્થક કરવા આગેવાનોએ જાહેર જનતાને મોટી સંખ્યામાં ઉમટી પડવા અપીલ કરી છે.

હિન્દુ સંમેલનને લઈ ગ્રામજનો દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

# કુંકાવાવના ખડખડ ગામે ત્રિવિધ આરોગ્ય કેમ્પનું આયોજન કરાયુ

**અનિડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સહયોગથી કેમ્પ યોજાયો**



કુંકાવાવ,તા.૧૩

કુંકાવાવ તાલુકાના ખડખડ ગામે આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે ગ્રામીણ નાગરિકોના ઉત્કૃષ્ટ સ્વાસ્થ્ય માટે વિશેષ ત્રિવિધ કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. અનિડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં નિઃશુલ્ક આરોગ્ય તપાસ, રક્તદાન શિબિર, સગર્ભા માતાઓ અને બાળકોના સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવી હતી. આ સાથે જ આયુષ્માન કાર્ડ કાઢી આપવાની કામગીરી તેમજ બીપી અને ડાયાબિટીસ જેવા રોગોની તપાસ કરી જરૂરી દવાઓનું વિનામૂલ્યે વિતરણ કરાયું હતું. આ પ્રેરણાદાયી કેમ્પનું ઉદઘાટન તાલુકા પંચાયત પ્રમુખ શ્રી પરસોત્તમભાઈ હિરપરા અને સરપંચ શ્રી વનીતાબેન મુકેશભાઈ ભેસાણીયા દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. તાલુકા હેલ્થ કચેરી અને આરોગ્ય કર્મચારીઓના સંકલનથી આ કેમ્પ ગ્રામજનો માટે આશીર્વાદરૂપ સાબિત થયો હતો.
















**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.19/2026
મરણ તારીખ : 02/05/1995

શ્રી જાદવભાઈ રણસીભાઈ વાળા
રહે.મોટી ફાફણી, ગામ-મોટી ફાફણી,તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી એ.ડી.ઠકરાર, કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત કચેરી, મોટી ફાફણી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી જાદવભાઈ રણસીભાઈ વાળા, રહે.મોટી ફાફણી, ગામ-મોટી ફાફણી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના માતા સ્વ.પાંચીબેન રણસીભાઈ વાળાનું મરણ તારીખ.02/05/1995ના રોજ કોડીનાર તાલુકાના મોટી ફાફણી ગામ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭ માહે : માર્ચ સને ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.20/2026
મરણ તારીખ : 01/06/1990

શ્રી જાદવભાઈ રણસીભાઈ વાળા
રહે.મોટી ફાફણી, ગામ-મોટી ફાફણી,તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી એ.ડી.ઠકરાર, કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત કચેરી, મોટી ફાફણી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી જાદવભાઈ રણસીભાઈ વાળા, રહે.મોટી ફાફણી, ગામ-મોટી ફાફણી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના દાદી સ્વ.કાળીબેન કરશનભાઈ વાળાનું મરણ તારીખ.01/06/1990ના રોજ કોડીનાર તાલુકાના મોટી ફાફણી ગામ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અન્વયે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭ માહે : માર્ચ સને ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.111/2026
જન્મ તારીખ : 01/06/1969

શ્રી ગરિબશાહ ઈબ્રાહિમશા બાનવા
રહે.બાનવા શેરી, સરકારી દવાખાનાની સામે, કોડીનાર, ગામ-કોડીનાર,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ગરિબશાહ ઈબ્રાહિમશા બાનવા, રહે.બાનવા શેરી સરકારી દવાખાનાની સામે, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી અબ્દુલશા અલીશા બાનવા તથા હલીમાબેન અબ્દુલભાઈ બાનવા ના પુત્ર હનીફશા અબ્દુલશા બાનવાનો જન્મ તારીખ.01/06/1969ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૩/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૭૯/૨૦૨૬ તા.૧૦/૦૩/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. ત્રાપસીયા મનસુખભાઈ ધીરૂભાઈ
રહે.સીમરણ તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી, સીમરણ તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર અંકુર મનસુખભાઈ ત્રાપસીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ ના રોજ મુ.સીમરણ તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

# જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને માર્ગ સલામતી સમિતિની બેઠક મળી

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને તાજેતરમાં જિલ્લા માર્ગ સલામતી સમિતિની સમીક્ષા બેઠક સંપન્ન થઈ હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લામાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હતો.બેઠક દરમિયાન કલેક્ટરે માર્ગો પર સ્પીડ લિમિટના પાલન, સાઈનેઝ બોર્ડ



લગાવવા, અને આડેધડ વધેલા વૃક્ષોનું સમયસર ટ્રીમિંગ કરવા જેવી બાબતો પર ભાર મૂક્યો હતો. રોડ એન્જિનિયરિંગમાં સુધારો લાવવા માટે સ્પીડ બ્રેકર, રમ્બલ સ્ટ્રીપ, શેવરોન બોર્ડ અને કેટ આઈઝનો મહત્તમ ઉપયોગ કરવા સંબંધિત વિભાગોને સૂચના આપી હતી. ખાસ કરીને જીવલેણ અકસ્માતોના કિસ્સામાં એ.આર.ટી.ઓ. અને ટ્રાફિક પોલીસને સંયુક્ત સ્થળ તપાસ કરી અકસ્માતનું સચોટ કારણ જાણવા જણાવાયું હતું. અમરેલી નગરપાલિકાને સાવરકુંડલા બાયપાસથી ગુરુદત્ત પેટ્રોલ પંપ સુધીના વ્યસ્ત માર્ગ પર સ્ટ્રીટ લાઈટો કાર્યરત રાખવા તાકીદ કરી હતી. આ ઉપરાંત, શિક્ષણ વિભાગ અને એસ.ટી. નિગમ દ્વારા જાગૃતિ કાર્યક્રમો ચલાવી વાહન ચાલકોને હેલ્મેટ, સીટબેલ્ટ અને ઓવર સ્પીડિંગના નિયમોનું કડક પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# સાવરકુંડલાની સ્થાનિક કોર્ટમાં ખોટું સોગંદનામું કરી છેતરપિંડી કરવાનો પ્રયાસ

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલાની સ્થાનિક અદાલતમાં જામીનદાર તરીકે રજૂ થયેલા એક શખ્સે પોતાની વિગતો છુપાવી ખોટું સોગંદનામું રજૂ કરતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અગાઉ અન્ય કેસમાં જામીન રહ્યા હોવા છતાં, આ વિગત છુપાવીને ફરીથી જામીન થવા આવતા આ છેતરપિંડીનો પર્દાફાશ થયો હતો. અમરેલીમાં રહેતા મુકેશભાઈ નાનજીભાઈ મકવાણા (ઉ.વ.૫૪)એ સાવરકુંડલાના જુના સાવર ગામના નારણભાઈ દાનાભાઈ બગડા સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગત મુજબ, સાવરકુંડલાની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટની રજિસ્ટ્રાર ઓફિસમાં ફોજદારી કેસ નંબર ૧૦૪૫/૨૫ ના કામે એક શખ્સ જામીનદાર તરીકે રજૂ થયો હતો. જામીન પ્રક્રિયા માટે તેણે જરૂરી કાગળો, આધાર-પુરાવા, સોગંદનામું અને જામીનખત કોર્ટમાં જમા કરાવ્યા હતા. જ્યારે કોર્ટના અધિકારીઓ દ્વારા જામીનદારના સોગંદનામાની તપાસ કરવામાં આવી, ત્યારે ધ્યાને આવ્યું કે સોગંદનામાની કોલમ નંબર ૭ (જેમાં છેલ્લા ૭ મહિનામાં અન્ય કોઈ કેસમાં જામીન થયા છે કે કેમ તેની વિગત આપવાની હોય છે) માં આરોપીએ 'નાજી' લખ્યું હતું. તપાસમાં જાણવા મળ્યું હતું કે આ જામીનદાર અગાઉ તારીખ ૨૨/૦૧/૨૦૨૬ ના રોજ અન્ય એક ફોજદારી કેસ (નંબર ૨૫૧૪/૨૨માં જામીન તરીકે રહી ચૂક્યો હતો. આ હકીકત જાણવા છતાં તેણે કોર્ટ સમક્ષ ખોટી માહિતી આપીને અને ખોટું સોગંદનામું રજૂ કરીને ગુનો કર્યો હતો. કોર્ટમાં ન્યાયતંત્ર સમક્ષ ખોટા પુરાવા રજૂ કરવા બદલ સંબંધિત શખ્સ વિરુધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# 'ત્રણ પૈસાના પાણી માટે તારે આવું કરવાનું' કહી ધમકી આપી

**સાવરકુંડલા શહેરમાં બનાવ બન્યો**

સા.કુંડલા, તા.૧૩

સાવરકુંડલા શહેરમાં યુવકને ત્રણ પૈસાના પાણી માટે તારે આવું કરવાનું કહી ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે ઘનશ્યામભાઈ જયસુખભાઈ બોરીસાગરે ધારીના શેલ ખંભાળીયા ગામના સજવિરભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ પોતાના ઘરેથી દુકાને જતા હતા ત્યારે આરોપીએ ફોન કરીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત ત્રણ પૈસાના પાણી માટે તારે આવું કરવાનું કહી તારે રાત્રીના બાર વાગ્યા પહેલા જ્યાં જવું હોય ત્યાં જતો રહેજે તેમ કહી ધમકી આપી હતી. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે.

# અમરેલી જિલ્લામાં આધુનિક સુવિધાઓ અને શૈક્ષણિક ભીતચિત્રોથી સજ્જ થતી આંગણવાડીઓ

અમરેલી,તા.૧૩

રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમરેલી તાલુકાના આઈ.સી.ડી.એસ. ઘટક-૨ હેઠળ 'આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ' પુરજોશમાં ચાલી રહી છે. જિલ્લા વિકાસ અધિકારી પી.ડી. પંડ્યા અને જિલ્લા કાર્યક્રમ અધિકારી હિરલબહેન રાજ્યગુરુના માર્ગદર્શન હેઠળ ૯૬ સરકારી આંગણવાડી કેન્દ્રોને આકર્ષક બનાવવાનું લક્ષ્ય રખાયું છે. અત્યાર સુધીમાં ૪૫ કેન્દ્રોમાં કલરકામ અને ચિત્રકામ



પૂર્ણ થયું છે, જ્યારે અન્ય ૫૧ કેન્દ્રોમાં કામગીરી પ્રગતિમાં છે. વધુમાં, પાંચ કેન્દ્રોમાં રૂ. ૨ લાખની ગ્રાન્ટમાંથી મોટા પાયે રીપેરીંગ કાર્ય પૂર્ણ કરાયું છે. આ નવીનીકરણનો મુખ્ય હેતુ બાળકોને ભયમુક્ત અને આનંદદાયક વાતાવરણ પૂરું પાડવાનો છે. દીવાલો પરના રંગબેરંગી અને શૈક્ષણિક ચિત્રો બાળકો માટે માત્ર શોભા નથી, પરંતુ અક્ષરજ્ઞાન અને પૂર્વ પ્રાથમિક શિક્ષણનું સચોટ માધ્યમ બન્યા છે. આ કલાત્મક વાતાવરણથી બાળકોની એકાગ્રતા અને સર્જનાત્મકતામાં વધારો થઈ રહ્યો છે.

# બાબરાના કોટડાપીઠા ગામે કૌટુંબિક મહિલાઓ બાખડી

બાબરા, તા.૧૩

બાબરાના કોટડાપીઠા ગામે કૌટુંબિક મહિલાઓ બાખડી હતી અને સામ સામી ફરિયાદ નોંધાવી હતી. રમિલાબેન મુકેશભાઈ મકવાણાએ વિશાલભાઈ જગદિશભાઈ કોચરા, અંજલીબેન જગદિશભાઈ કોચરા, રૂપાબેન વિરાભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ અને આરોપી એક જ પરિવારના હતા અને અવાર નવાર ઝઘડાઓ થતા હતા. જેનું મનદુખ રાખી આરોપી વિશાલભાઈએ બોલાચાલી કરીને ગાળો આપી હતી.આરોપી અંજલીબેન તથા રૂપાબેને તેમની સાથે બોલાચાલી કરીને ગાળો આપીને ઝઘડો કરીને ઢીકાપાટુનો મુંઢમાર મારીને જાનથી મારી નાખવાની ધમકી હતી. જે બાદ રૂપાબેન વિરાભાઈ મકવાણાએ રમીલાબેન મુકેશભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી.

# અમરેલીમાં સામાન્ય માથાકૂટમાં ભાઈએ બહેનને ઢીકાપાટુનો માર માર્યો

**સામ સામી ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૧૩

અમરેલી શહેરના બહારપરા વિસ્તારમાં કૌટુંબિક ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. સામાન લેવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલી બાદ ભાઈ અને તેના સાથીઓએ મળીને બહેન, ભાણી અને ભાણેજ પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાઈ હતી. ઉમાબેન રાજુભાઈ ચૌહાણે રાજેશભાઈ ભાનુભાઈ વાઘેલા, રાજુભાઈ બચુભાઈ વેગડ, કલ્પનાબેન રવિભાઈ પરમાર, કિરણબેન રાજુભાઈ વેગડ તથા જીનુબેન ડાયાભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ અને તેમની પુત્રી પાયલબેન તેમના ભાઈ રાજેશભાઈના ઘરે સામાન લેવા ગયા હતા. તે સમયે રાજેશભાઈએ સામાન લેવા દીધો ન હતો અને બહેન સાથે માથાકૂટ કરી હતી. સાંજના સમયે તેઓ દૂધના પૈસા આપવા જઈ રહ્યા હતા તે સમયે આરોપી રાજેશભાઈ ભાનુભાઈ વાઘેલા અને રાજુભાઈ બચુભાઈ વેગડ ત્યાં હાજર હતા અને તેમને ગાળો આપવા લાગ્યા હતા. તેમણે ગાળો આપવાની ના પાડતા બંને આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને મહિલાને ઢીકાપાટુનો માર મારી માથાના વાળ પકડી ખેંચતા પાયલબેને વચ્ચે પડી માતાને વધુ માર ખાતા બચાવ્યા હતા. જ્યારે તેઓ અને તેમની પુત્રી રિક્ષા કરીને બહારપરા પોલીસ ચોકીએ ફરિયાદ કરવા જઈ રહ્યા હતા, ત્યારે રસ્તામાં ફુલારા ચોક પાસે અન્ય બે આરોપી મહિલાઓ કલ્પનાબેન રવિભાઈ પરમાર અને કિરણબેન રાજુભાઈ વેગડે તેમની બીજી પુત્રી જ્યોતિને રોકી ઢીકાપાટુનો માર માર્યો હતો. આટલું જ નહીં, ફરિયાદીના નાના દીકરા નક્ષને પણ આરોપી જીલુબેન વાઘેલાએ ઢીકા માર્યો હતો. આરોપી રાજેશભાઈએ તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જે બાદ ભાનુભાઈ પુંજાભાઈ વાઘેલાએ ઉમાબેન રાજુભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. તેઓ તથા સાહેદ કિરણબેન પોતાના ઘરે હોય ત્યારે આરોપી ઉમાબેન વારાજુભાઈ ચૌહાણ ઘરે આવીને તેમની તથા સાહેદ સાથે માથાકુટ કરવા લાગ્યા હતા. તેઓ તથા તેનો દિકરો શીલુબેનની દુકાને પાસે રોડ ઉપર ઉભા હોય ત્યા આરોપીએ આવી તેમને તથા તેમના દિકરાને ગાળો આપી હતી. તેમને ઢીકાપાટુનો માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# બાબરાના ઉંટવડ ગામની સીમમાં રહેતા ઈસમને પાસા તળે વડોદરા જેલ ધકેલાયો

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષક દ્વારા મિલકત સંબંધી ગુનાઓ આચરતા એક રીઢા ગુનેગાર વિરુધ્ધ પાસા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવી છે. ભાવનગર રેન્જ આઈ.જી.પી. અને અમરેલી પોલીસ અધિક્ષકની સૂચના મુજબ, અસામાજિક તત્વો પર અંકુશ લાવવા આ અભિયાન હાથ



ધરાયું હતું. બાબરા તાલુકાના ઉટવડ ગામની સીમમાં રહેતા અને મૂળ મધ્યપ્રદેશના રાજકુમાર રામસિંગ રાવત (ઉં.વ. ૨૭) વિધધ્ધ ચોરી અને મિલકત સંબંધી અનેક ગુનાઓ નોંધાયેલા છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તૈયાર કરાયેલી દરખાસ્તના આધારે જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્રાજે પાસા વોરંટ ઈસ્યુ કર્યું હતું. એલ.સી.બી. પી.આઈ. એ.ડી. ચાવડા અને તેમની ટીમ દ્વારા આ આરોપીની અટકાયત કરી તેને વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: દશમ, અગિયારસ
તા.૧૪-૦૩-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૬:૫૩,
સૂર્યાસ્ત-૦૬:૪૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તર અષાઢા, શ્રવણ

## દૈનિક રાશિફળ

તા.૧૪-૦૩-૨૦૨૬ શનિવાર

મેષ: આજે દિવસની શરૂઆતથી લાભની સંભાવના રહેશે. કેટલીક શુભ ઘટનાઓ બનશે.

વૃષભ: આજે તમારા ખર્ચમાં વધારો થઈ શકે છે. પરિવારમાં કોઈપણ બાબતે ચર્ચા થઈ શકે છે.

મિથુન: આજે મન એક સમયે બે કાર્યો માટે ભટકશે. વ્યક્તિગત અને ઘરેલુ મુદ્દાઓ તમારા માટે લાંબા સમયથી ચિંતાનો વિષય છે.

કર્ક: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય વિતાવશો અને ભાઈઓની સહાયથી પારિવારિક વ્યવસાયમાં અનુકૂળ સ્થિતિ રહેશે.

સિંહ: આ દિવસે મન કામમાં અડચણ હોવાને કારણે અશાંત થઈ શકે છે. આજે તમારે અધૂરુ કામ પૂર્ણ કરવું જોઈએ.

કન્યા: પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. પિતાના માર્ગદર્શનથી આર્થિક પ્રગતિ થશે.

તુલા: આજે વિવાદ રહેશે. તમે તમારા ઘટેલા ભંડોળની ચિંતા કરી શકો છો. ઘણા પૈસા ખર્ચ કરવાથી તમારી જવાબદારી વધી શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. કોઈ ઓળખાણ દ્વારા નફાની પરિસ્થિતિઓ બનાવવામાં આવશે.

ધન: આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે. કોઈ એક જે કાર્યમાં જોડાશો તો અન્યની તુલનામાં ઝડપી સફળતા મેળવી શકે છે.

મકર: આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. તમારી છબી લોકોમાં સુધરશે. બાળકોની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે અને તમારો ભાર પણ ઓછો થશે.

કુંભ: તબિયત ધીરે ધીરે સુધરશે, પરંતુ પરિવારના સભ્યોએ ગીચ સ્થળોએ જવાનું ટાળવુ જોઈએ.

મીન: આ દિવસે સુખ અને શાંતિ વધશે. તમને કોઈપણ કાયદાકીય વિવાદ અથવા અન્ય પ્રકારના કોર્ટ-કેસોથી આઝાદી મળશે.

# કામધંધો ન મળતા સતત ચિંતામાં રહેતા યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

બાબરા, તા.૧૩

બાબરા શહેરમાં એક આશાસ્પદ યુવકે આર્થિક સંકડામણ અને બેરોજગારીથી કંટાળીને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. છેલ્લા ઘણા સમયથી કામકાજ ન મળવાને કારણે માનસિક તણાવમાં રહેતા યુવકે અંતિમ પગલું ભરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ અંગે મૂળ બાબરાના અને હાલ રાજકોટ રહેતા શાંતીભાઈ નારણભાઈ ચિત્રોડાએ જાહેર કર્યા મુજબ, તેમનો પુત્ર ચેતનભાઈ શાંતીભાઈ ચિત્રોડા (ઉ.વ.૨૯) છેલ્લા લાંબા સમયથી બેરોજગાર હતો. કોઈ યોગ્ય કામધંધો કે રોજગાર ન મળવાને કારણે તે સતત ચિંતામાં રહેતો હતો. કામકાજ વગર સતત વિચારોમાં ગરકાવ રહેતા યુવકને આ બાબત મનમાં લાગી આવી હતી. આ માનસિક તણાવ અને હતાશામાં તેણે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધો હતો. અમરેલીમાં એક યુવતીએ ગળાફાંસો ખાતાં તેને બેભાન અવસ્થામાં સારવારમાં દાખલ કરવામાં આવી

**અમરેલીમાં આપઘાતનો પ્રયાસ કરનાર યુવતીને સારવારમાં ખસેડાઈ**

# બાબરાના કલોરણા ગામેથી દારૂની ૨૦ બોટલ ઝડપાઈ

બાબરા, તા.૧૩

બાબરાના કલોરણા ગામેથી પોલીસે દારૂની ૨૦ બોટલ ઝડપી પાડી હતી. એક યુવકના ઘરેથી આ જથ્થો ઝડપાયો હતો. પોલીસે રૂ.૨૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. લાઠીના જરખીયા ગામેથી એક મહિલાના રહેણાંક મકાનેથી ૫ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# કરમદડી ગામની સગીરાને જૂનાગઢનો યુવક ભગાડી ગયો

ધારી, તા.૧૩

ધારીના કરમદડી ગામની સગીરાને જૂનાગઢનો યુવક બદકામના ઈરાદે ભગાડી ગયો હતો. આ અંગે સગીરાના પિતાએ જૂનાગઢના રોહીતભાઈ મહેશભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપી તેમની સગીર પુત્રીને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાના કે બદકામ કરવાના ઈરાદે તેમના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ ગયો હતો.


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલાની કોર્ટમાં//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૩૪/૨૦૨૬

અરજદારશ્રી:- સરવૈયા માધાભાઈ અમરાભાઈ,
રે.પીઠવડી તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તકમશ્રી, પીઠજડી તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની બહેન નાનુબેન અમરાભાઈ સરવૈયાનું મરણ તા.૨૬/૦૫/૧૯૫૮ ના રોજ મુ.પિઠવડી તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૦/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૭૪/૨૦૨૬ તા.૧૦/૦૩/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. સોહાગિયા ભાવનાબેન બાબુલાલ વાઈફ ઓફ રાણપરીયા રમેશભાઈ
રહે.ઘોબા પાટી, તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રી પિયાવા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી સોહાગિયા ભાવનાબેન બાબુલાલનો જન્મ તા.૦૫/૦૩/૧૯૬૭ ના રોજ મુ.પિયાવા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**ધારીના મહે.ત્રીજા મોટર એકસીડેન્ટ ક્લેઈમ ટ્રીબ્યુનલ (ઓકઝી.) સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : ધારી**

**કલેઈમ પરચુરણ અરજી નંબર : ૨૯/૨૦૨૫** **મુદત તારીખ : ૦૩-૦૪-૨૦૨૬**

અરજદાર :- ચતુરભાઈ પોપટભાઈ કોળી,
ઉ.વ.૫૨,ધંધો : કલરકામ, રહે.વાઘાપરા,
મુ.ધારી, તા.ધારી, જી.અમરેલી
અરજદારના વકીલશ્રી એમ.એમ.જોષી

**વિરૂધ્ધ**

સામાવાળા (૧) :- મારૂતી વાન નં.જી.જે.૧૪.ઈ. ૪૧૧ ના
માલીક: કમલેશભાઈ આર.ગુંદરણીયા,
રહે.સુખનાથપરા,શેરી નં.૨, અમરેલી.
તા.જી.અમરેલી.

**-:: જાહેર નોટીસ ::-**

આથી તમો સામાવાળા નં. ૧ ને આ જાહેરનોટીસ આપી જણાવવાનુ કે, ઉપરોકત અરજદારે તમારી સામે એમ.એ.સી.પી.કેસ નં. ૮૦/૨૦૧૮ ફરી ફાઈલે લેવા માટે સી.પી.સી. ઓર્ડર-૯, રૂલ-૯, મુજબની કલેઈમ પરચુરણ અરજી આ અદાલત સમક્ષ કરેલ છે. વાસ્તે આ ઉપરથી તમોને ફરમાવવાનુ કે, તમારા સઘળા લેખિત પુરાવા રજુ કરવાની મુદત તારીખ : ૦૩-૦૪-૨૦૨૬ ઠરાવવામાં આવેલ છે. તો મુકરર કરેલ દિવસે તમારા સઘળા લેખિત પુરાવા અને બચાવના આધારસહ જાતે અગર માહિતગાર કરેલ વકીલશ્રી મારફત બિનચૂક હાજર રહેશો.

આ ઉપરથી તમોને આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, જો ઉપર જણાવેલ દિવસે તમો અત્રેની અદાલત સમક્ષ હાજર નહી થાવ તો તમારી ગેરહાજરી ગણી અરજી સાંભળી, તેનો એક તરફી નિકાલ કરવામાં આવશે. વળી તમોને એવી પણ નોટીસ આપવામાં આવે છે કે, મુકરર કરેલી તારીખે અથવા તે પહેલા બજાવણી માટે તમારો પતો લખવા તમો કસુર કરશો તો તમારા બચાવ ઉપર ધ્યાન આપવામા આવશે નહી.

આજ તારીખ : ૧૧મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી, |
|---|---|---|---|
| સહી | કોર્ટનો સિક્કો | સહી | સહી |
| (આર.એ.પઠાણ) | | (આર.વી.ઘાઘલ) | (ડી.એમ.કાળે) |
| સિની. કલાર્ક | | સિની. કલાર્ક | ઈ.ચા. રજિસ્ટ્રાર |
| | | | થર્ડ એડી.ડિસ્ટ્રિકટ કોર્ટ, ધારી |

તંત્રી લેખ

## હોર્મુઝની સામુદ્રધૂની એટલે વૈકલ્પિક માર્ગોનો પડકાર

મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે હોર્મુઝની સામુદ્રધુની ફરી એકવાર વૈશ્વિક ચર્ચાના કેન્દ્રમાં આવી છે. વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ વેપાર માર્ગોમાંથી એક ગણાતી આ સામુદ્રધૂનીમાંથી દરરોજ લાખો બેરલ કાચું તેલ અને ગેસ દુનિયાના વિવિધ દેશોમાં પહોંચે છે. તેથી અહીં કોઈપણ પ્રકારની અસુરક્ષા માત્ર પ્રદેશીય સમસ્યા બની રહેતી નથી, પરંતુ તે સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા અને ઊર્જા સુરક્ષાને સીધી અસર કરે છે. આ પરિસ્થિતિને સમજવા માટે તેના આર્થિક, સુરક્ષા અને વૈકલ્પિક માર્ગોના વિવિધ પાસાઓ પર વિચાર કરવો જરૂરી બને છે. સૌથી પહેલા અસર વૈશ્વિક તેલ બજારમાં જોવા મળે છે. કારણ કે મધ્ય પૂર્વના મોટા તેલ ઉત્પાદક દેશા જેમ કે સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, કુવૈત અને ઈરાક તેમના તેલનો મોટાભાગનો નિકાસ આ માર્ગ દ્વારા કરે છે. જ્યારે અહીં તણાવ વધે છે ત્યારે વેપારીઓ અને રોકાણકારોમાં અનિશ્ચિતતા ફેલાય છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવ ઝડપથી વધવાની શક્યતા રહે છે. તેલના ભાવમાં વધારો માત્ર ઊર્જા ક્ષેત્ર પૂરતો સીમિત રહેતો નથી, પરંતુ તે સમગ્ર અર્થવ્યવસ્થામાં અસર પેદા કરે છે. પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવમાં વધારો થતાં પરિવહન ખર્ચ વધે છે. તેના પરિણામે ખાદ્યપદાર્થો, ઔદ્યોગિક ઉત્પાદનો અને રોજિંદા ઉપયોગની અનેક વસ્તુઓના ભાવ વધવા લાગે છે. ખાસ કરીને ભારત જેવા દેશો માટે આ સ્થિતિ વધુ ગંભીર બની શકે છે, કારણ કે ભારત પોતાની ઊર્જા જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત દ્વારા પૂરો કરે છે. તેથી હોર્મુઝમાં કોઈપણ પ્રકારની અડચણ દેશના બજેટ, શેરબજાર અને સામાન્ય નાગરિકોના જીવનખર્ચ પર સીધી અસર પાડી શકે છે. આધુનિક સમયમાં સમુદ્રી સુરક્ષાનું સ્વરૂપ પણ બદલાઈ ગયું છે. અગાઉ સુરક્ષા મુખ્યત્વે નૌકાદળના જહાજો સુધી મર્યાદિત હતી, પરંતુ હવે યુદ્ધની પદ્ધતિઓમાં ટેકનોલોજીનું મહત્વ વધી ગયું છે. ડ્રોન, મિસાઈલ અને સાયબર ટેકનોલોજી જેવા આધુનિક સાધનોનો ઉપયોગ વધતા વેપારી જહાજોની સુરક્ષા વધુ જટિલ બની ગઈ છે. મોટા ભાગના વેપારી જહાજો નિશસ્ત્ર હોય છે, તેથી તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવાની જવાબદારી નૌકાદળો પર આવી પડે છે. જહાજોની સુરક્ષા માટે આજે રડાર સિસ્ટમ, સેટેલાઈટ નિરીક્ષણ, ડ્રોન મોનીટરીંગ અને મિસાઈલ ડિફેન્સ જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. કેટલીકવાર અનેક દેશો સંયુક્ત નૌકાદળ પેટ્રોલિંગ પણ કરે છે જેથી વેપારી જહાજોને સુરક્ષિત માર્ગ મળી રહે. તેમ છતાં હોર્મુઝ જેવી સાંકડી અને વ્યસ્ત સામુદ્રધૂનીમાં દરેક જહાજને સંપૂર્ણ સુરક્ષા આપવી હંમેશા શક્ય નથી. આ જ કારણ છે કે સૈન્ય તૈયારીઓ સાથે સાથે રાજદ્વારી પ્રયત્નો અને તણાવ ઘટાડવાના પ્રયાસો પણ એટલા જ મહત્વપૂર્ણ બની જાય છે. વિશ્વમાં કેટલાક વિકલ્પ માર્ગો અને પાઈપલાઈન પણ વિકસાવવામાં આવ્યા છે, જે હોર્મુઝ પરની નિર્ભરતા થોડું ઓછું કરી શકે છે. ઉદાહરણ તરીકે, કેટલાક દેશોએ પાઈપલાઈન દ્વારા તેલને સીધું લાલ સમુદ્ર અથવા અરબી સમુદ્ર તરફના બંદરો સુધી પહોંચાડવાની વ્યવસ્થા ઊભી કરી છે. તેમ છતાં, આ વિકલ્પો સંપૂર્ણ રીતે હોર્મુઝનો વિકલ્પ બની શકતા નથી. હકીકતમાં હોર્મુઝ જેટલો મોટો અને ઝડપી દરિયાઈ વેપાર માર્ગ દુનિયામાં બહુ ઓછા છે. જો આ માર્ગ લાંબા સમય માટે અવરોધિત થાય તો વૈશ્વિક ઊર્જા પુરવઠા પર ભારે દબાણ આવી શકે છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં અસ્થિરતા વધવાની સંભાવના રહે છે.

# વિરાટકાય ઓઇલ ટેન્કરની ભારત તરફની અતિ જોખમી સફર



મધ્ય પૂર્વના સમુદ્ર વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી તણાવપૂર્ણ અને અનિશ્ચિત પરિસ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને હોર્મુઝની સામુદ્રધુની અને પર્સિયન ગલ્ફ વિસ્તારમાં વધતી અથડામણો, હુમલાઓ અને સૈન્ય ગતિવિધિઓને કારણે વેપારી જહાજોની અવરજવર જોખમભરી બની ગઈ છે. આવી પરિસ્થિતિ વચ્ચે ભારત માટે કાચું તેલ લઈને આવતું એક વિશાળ ઓઈલ ટેન્કર જોખમોથી ભરેલી સફર કરીને અંતે સુરક્ષિત રીતે મુંબઈ પ્રોટેસ્ટન્ટ પર પહોંચી ગયું. આ માત્ર એક જહાજની મુસાફરી નથી, પરંતુ વૈશ્વિક સમુદ્રી વેપાર અને ઊર્જા પુરવઠાની મહત્વપૂર્ણ કડીનું જીવંત ઉદાહરણ છે. હોર્મુઝની સામુદ્રધૂની વિશ્વના સૌથી વ્યસ્ત અને વ્યૂહાત્મક સમુદ્રી માર્ગોમાંથી એક ગણાય છે. વિશ્વના મોટા પ્રમાણમાં કાચું તેલ અને કુદરતી ગેસ આ માર્ગ દ્વારા એશિયા, યુરોપ અને અન્ય દેશોમાં પહોંચે છે.

ભારત માટે આ માર્ગ અત્યંત મહત્વનો છે, કારણ કે દેશ પોતાની ઊર્જાની જરૂરિયાતનો મોટો હિસ્સો મધ્ય પૂર્વના દેશોમાંથી આયાત કરે છે. જ્યારે આ વિસ્તારમાં રાજકીય કે સૈન્ય તણાવ વધે છે ત્યારે અહીંથી પસાર થતી દરેક નૌકાની સુરક્ષા એક મોટો પ્રશ્ન બની જાય છે. આ ઓઈલ ટેન્કરની મુસાફરી શરૂ થાય તે પહેલાં જ જહાજના કમાન્ડરો અને શિપિંગ કંપનીએ અનેક સુરક્ષા પગલાં નક્કી કર્યા હતા. સમગ્ર માર્ગ, ગતિ અને સમયને ધ્યાનમાં રાખીને મુસાફરીનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘણીવાર આવા સંવેદનશીલ વિસ્તારોમાં જહાજોને એકલા જવા દેવામાં આવતું નથી. વેપારી જહાજો ઘણી વખત કાફલા તરીકે આગળ વધે છે જેથી સંભવિત હુમલાઓનો જોખમ ઓછો રહે. કાફલા પદ્ધતિથી મુસાફરી કરવાથી એકબીજાની મદદ મળવાની શક્યતા પણ વધી જાય છે. મુસાફરી દરમિયાન જહાજના ક્રૂ સભ્યો સતત સતર્ક રહ્યા હતા. આધુનિક ઓઈલ ટેન્કરોમાં અદ્યતન ટેક્નોલોજી, શક્તિશાળી રડાર સિસ્ટમો અને સંચાર સાધનો સ્થાપિત હોય છે. આ સાધનો આસપાસના વિસ્તારમાં થતી દરેક ગતિવિધિ પર નજર રાખવામાં મદદરૂપ બને છે. જો કોઈ અજાણી બોટ, શંકાસ્પદ ગતિ અથવા અચાનક નજીક આવતી નૌકા જોવા મળે તો તરત જ કમાન્ડ સેન્ટરને જાણ કરવામાં આવે છે. આવી સ્થિતિમાં જહાજનો માર્ગ બદલવો, ગતિ વધારવી અથવા સુરક્ષિત અંતર જાળવવું જેવી કાર્યવાહી કરવામાં આવે છે. હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવું આ સમગ્ર મુસાફરીનો સૌથી સંવેદનશીલ તબક્કો માનવામાં આવે છે.

આ માર્ગ ખૂબ જ સંકુચિત

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

છે અને દરરોજ વિશ્વના અનેક દેશોના તેલ ટેન્કરો, કાર્ગો જહાજો અને નૌકાદળની નૌકાઓ અહીંથી પસાર થાય છે. તણાવની પરિસ્થિતિમાં અનેક દેશોની સૈન્ય નૌકાઓ પણ અહીં પેટ્રોલિંગ કરતી હોય છે. તેથી દરેક જહાજને નક્કી કરાયેલા સમુદ્રી માર્ગો અને આંતરરાષ્ટ્રીય નૌકાયન નિયમોનું કડક પાલન કરવું પડે છે.


આ ઓઈલ ટેન્કરે પણ તમામ નિયમોનું પાલન કરીને અત્યંત સાવચેતીપૂર્વક આ વિસ્તાર પાર કર્યો.સમુદ્રી સફરમાં માત્ર રાજકીય જોખમ જ પડકારરૂપ નથી બનતા, પરંતુ પ્રકૃતિ પણ ઘણી વખત મુશ્કેલીઓ ઉભી કરે છે. કેટલાક દિવસોમાં સમુદ્રમાં ઊંચી તરંગો, તેજ પવન અને ખરાબ હવામાનના કારણે જહાજની ગતિ ધીમી કરવી પડે છે. તેલ ભરેલા મોટા ટેન્કરો અત્યંત ભારે હોય છે અને તેમને નિયંત્રિત કરવું સામાન્ય જહાજોની સરખામણીએ વધુ મુશ્કેલ હોય છે. તેમ છતાં અનુભવી કેપ્ટન અને કુશળ ખલાસીઓની ટીમના કારણે જહાજ સતત સુરક્ષિત રીતે આગળ વધતું રહ્યું. જ્યારે ટેન્કર અરબી સમુદ્ર વિસ્તારમાં પ્રવેશ્યું ત્યારે જોખમ થોડું ઓછું થયું. આ વિસ્તાર મધ્ય પૂર્વના સંઘર્ષ ક્ષેત્રથી થોડો દૂર હોવાથી અહીં જહાજોની અવરજવર સામાન્ય રીતે વધુ સુરક્ષિત ગણાય છે. તેમ છતાં ક્રૂ સભ્યો દ્વારા સંપૂર્ણ સતર્કતા જાળવવામાં આવી. આખરે લાંબી અને પડકારસભર મુસાફરી બાદ જહાજ ભારતના પશ્ચિમ કિનારે પહોંચી ગયું. મુંબઈ બંદરે ટેન્કરનું આગમન માત્ર એક સામાન્ય વેપારી ઘટના નહોતું. તે ભારતની ઊર્જા સુરક્ષાના દૃષ્ટિકોણથી ખૂબ મહત્વપૂર્ણ છે.

દેશના ઉદ્યોગો, પરિવહન વ્યવસ્થા અને આર્થિક વિકાસ માટે તેલનો સતત પુરવઠો અનિવાર્ય છે.

તેથી આવા સંજોગોમાં પણ તેલના જહાજો સુરક્ષિત રીતે દેશ સુધી પહોંચે તે માટે સરકાર, નૌકાદળ અને શિપિંગ કંપનીઓ સતત સજ્જ રહે છે. આ ઘટના વિશ્વના સમુદ્રી વેપારની જટિલતા અને મહત્વને પણ ઉજાગર કરે છે. આજના સમયમાં વિશ્વની અર્થવ્યવસ્થાનો મોટો ભાગ સમુદ્રી માર્ગો પર આધારિત છે. ખનિજ સંસાધનો, ઉદ્યોગિક માલ, ખાદ્યપદાર્થો અને ઊર્જા જેવા અનેક મહત્વપૂર્ણ ઉત્પાદનો દરરોજ સમુદ્ર માર્ગે એક દેશથી બીજા દેશમાં પહોંચે છે. જ્યારે ક્યાંય યુદ્ધ, રાજકીય સંઘર્ષ અથવા સુરક્ષા સંકટ સર્જાય છે ત્યારે તેની અસર વૈશ્વિક વેપાર પર તાત્કાલિક જોવા મળે છે.જોખમોથી ભરેલી આ લાંબી સફર પછી ઓઈલ ટેન્કરનું મુંબઈ પહોંચવું એક સફળ અભિયાન સમાન છે. આ સફળતા પાછળ ખલાસીઓની હિંમત, આધુનિક ટેક્નોલોજી અને ચોક્કસ આયોજનનો મહત્વપૂર્ણ ફાળો છે. વિશ્વના સમુદ્રોમાં કામ કરતા હજારો ખલાસીઓ દરરોજ આવા જોખમ વચ્ચે પોતાની ફરજ બજાવતા હોય છે. તેમના અવિરત પ્રયત્નો અને સમર્પણના કારણે જ વિશ્વનો વેપાર સતત ચાલુ રહે છે અને અનેક દેશોની અર્થવ્યવસ્થા સ્થિર રહે છે.

**અમેરિકી ઊર્જા મંત્રીએ કહ્યું કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં જોખમ વધારે છે. અમેરિકાએ વ્યાપારી જહાજો અને ઓઇલ તથા ગેસ ટેન્કરોને સુરક્ષા આપવાના પ્રશ્ને હાથ ઉંચા કરી દીધા છે તેણે કહ્યું છે કે ત્યાં કાબુ બહારની પરિસ્થિતિ હોવાથી વ્યાપારી જહાજોને તથા ઓઇલ ટેન્કરોને સુરક્ષા આપવી અમેરિકા માટે શક્ય નથી આમ છતાં ભારતે સુરક્ષાની ખાતરી આપી છે. આમ છતાં એક ઓઇલ ટેન્કર જોખમી માર્ગે મુંબઇ કેવી રીતે પહોંચ્યું તેની સાહસ કથા જાણવા જેવી છે**

## શબ્દ સંજોગ-૨૧૬૨



**આડી ચાવી :**
(૧) ભારતનું એક રાજય (૪)
(૪) અક્ષય રીતે-સતત ઝરતુ કે વહેતુ (૪)
(૭) પ્રેમ (અ) (૨)
(૮) ખેતરમાં જવા આવવા માટે બે પાંખિયાવાળુ લાકડું ઘાલી કરવામાં આવતો રસ્તો-છીંડુ (૪)
(૧૧) એક બેકરી પ્રોડકટ (અ) (૨)
(૧૨) ભડકુ, કાંજી (૨)
(૧૩) પોલુ નહિ તેવુ, સંગીન (૩)
(૧૫) કાંકરી, મરડિયો (૩)
(૧૬) વંશ, મૂળ (૧)
(૧૭) ક્ષણનું, ક્ષણભંગુર (૩)
(૨૦) ચિઠ્ઠી, કાગળ (૨)
(૨૨) શિક્ષા, દંડ (૨)
(૨૩) બહુવચનનું ટૂકરૂપ (૨)
(૨૪) મજનુની પ્રેમિકા (૩)
(૨૪) એક હિંસક પ્રાણી (૨)
(૨૫) ઈચ્છા, ઉમેદ (૨)
(૨૬) નાલ, લાંબી પોલી દાંડી કે નળી (૨)
(૨૭) ગુજરાતની એક મોટી નદી (૨)
(૨૮) ગોઠવણ, વ્યવસ્થા (૩)

**ઉભી ચાવી :**
(૧) મોગરીથી વગાડવાની ઘડિયાળ (૩)
(૨) તાન, ઉમંગ (૨)
(૩) ગોટાળો, ખીચડો (૨)
(૪) રીત, લાગો (૩)
(૫) જૂનુ થવાથી બેસ્વાદ (૨)
(૬) શિરસ્તો, ધારો (૩)
(૯) યુનિવર્સિટીની વિદ્યાશાખાનો અધ્યક્ષ (૨)
(૧૦) એક પશુ (૩)
(૧૨) ઈંદ્રજિત (૩)
(૧૩) ઉંટની નાથ (૩)
(૧૪) તારાનું ઝુમખુ (૩)
(૧૮) દાવપેચ (૪)
(૧૯) આનંદ, લહેર (૨)
(૨૦) ઓળો, પ્રતિબિંબ (૪)
(૨૧) નાનુ ઢોલ, પખાજ (૩)
(૨૨) નમસ્કારનો એક પ્રકાર (૩)
(૨૩) કેળુ (અં) (૩ )

## શબ્દ સંજોગ-૨૧૬૧ જવાબ

**આડી ચાવી:** (૧) આસામ (૩) ઓટ (૫) હેરત (૬) કાનસ (૮) નકલ (૧૦) પ્રોટીન (૧૧) વેંત (૧૨) નવલ (૧૪) હાથી (૧૫) મા (૧૮) તલપ (૨૦) રોકડ (૨૨) રતલ (૨૩) પોત (૨૪) વાઘ (૨૫) અકબર (૨૬) રેડિયમ.
**ઉભી ચાવી:** (૧) આસન (૨) મહેલ (૩) ઓતપ્રોત (૪) સેન (૬) કાનન (૭) મજલ (૯) કળથી (૧૧) વેંત (૧૩) વત્સલ (૧૪) હાવરો (૧૬) પાડ (૧૭) શરત(૧૮) તલ (૧૯) પડઘમ (૨૧) કડક (૨૩) પોર (૨૪) વાય.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૭૦ | ૧૬૪૦ |
| ઘઉં લોકવન | ૪૩૧ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૪૫૩ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૯૨૦ | ૧૦૭૫ |
| તુવેર | ૧૨૨૫ | ૧૫૭૦ |
| ચણા પીળા | ૯૭૦ | ૧૦૬૦ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૧૭૧૬ |
| અડદ | ૯૦૦ | ૧૬૫૦ |
| મગ | ૮૪૦ | ૧૬૧૨ |
| વાલ દેશી | ૭૨૦ | ૧૨૫૧ |
| ચોળી | ૧૧૦૦ | ૧૧૫૦ |
| વટાણા | ૮૫૦ | ૧૧૨૦ |
| રાજમા | ૧૧૦૦ | ૧૭૭૪ |
| સીંગદાણા | ૧૧૨૦ | ૧૭૩૦ |
| મગફળી જાડી | ૧૦૫૬ | ૧૫૮૧ |
| મગફળી જીણી | ૧૦૬૦ | ૧૫૨૦ |
| તલી | ૧૫૦૦ | ૨૧૨૨ |
| સુરજમુખી | ૬૭૫ | ૬૭૫ |
| એરંડા | ૧૨૦૧ | ૧૨૭૮ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૮૪ |
| સીંગફાડા | ૧૧૦૦ | ૧૫૫૫ |
| કાળા તલ | ૩૦૦૦ | ૪૩૦૦ |
| લસણ | ૯૦૦ | ૧૫૦૦ |
| ધાણા | ૧૮૫૦ | ૨૦૫૦ |
| મરચા સુકા | ૩૦૦૦ | ૭૨૦૦ |
| ધાણી | ૧૯૭૫ | ૨૪૨૫ |
| વરીયાળી | ૧૩૫૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૩૪૫૦ | ૪૧૦૦ |
| રાય | ૧૦૮૦ | ૧૩૦૦ |
| મેથી | ૮૫૦ | ૧૬૧૬ |
| અશેરીયો | ૯૯૦ | ૧૨૪૫ |
| કલોંજી | ૩૨૭૦ | ૩૯૧૬ |
| રાયડો | ૯૦૦ | ૧૧૫૦ |
| ગુવારનું બી | ૯૫૦ | ૯૭૫ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૪૦૭ | ૨૮૨૦ |
| સાકરટેટી | ૨૦૦ | ૩૯૮ |
| તરબુચ | ૩૪૮ | ૫૨૪ |
| પપૈયા | ૮૬ | ૧૮૪ |
| બટેટા | ૬૩ | ૨૩૪ |
| ડુંગળી સુકી | ૫૨ | ૨૪૦ |
| ટમેટા | ૧૬૯ | ૩૧૬ |
| સુરણ | ૧૦૦૯ | ૧૨૨૧ |
| કોથમરી | ૨૦૨ | ૩૧૨ |
| સકરીયા | ૪૧૩ | ૫૪૮ |
| મુળા | ૩૫૯ | ૫૯૧ |
| રીંગણા | ૨૪૨ | ૫૨૪ |
| કોબીજ | ૬૨ | ૧૧૮ |
| ફ્લાવર | ૨૧૯ | ૪૨૨ |
| ભીંડો | ૭૧૧ | ૯૮૧ |
| ગુવાર | ૮૨૭ | ૧૫૪૮ |
| ચોળાસીંગ | ૭૦૫ | ૧૧૫૭ |
| વાલોળ | ૪૮૭ | ૭૨૯ |
| ટીંડોળા | ૩૨૩ | ૭૮૮ |
| દુધી | ૭૨ | ૧૧૭ |
| કારેલા | ૫૬૯ | ૭૨૬ |
| સરગવો | ૪૧૧ | ૮૨૮ |
| તુરીયા | ૩૨૪ | ૫૭૯ |
| પરવર | ૧૨૧૮ | ૧૬૨૯ |
| કાકડી | ૨૪૪ | ૫૩૬ |
| ગાજર | ૧૮૮ | ૨૯૯ |
| વટાણા | ૩૦૩ | ૫૧૧ |
| ગલકા | ૨૮૯ | ૫૩૨ |
| બીટ | ૧૦૮ | ૨૧૬ |
| મેથી | ૨૧૨ | ૩૨૪ |
| વાલ | ૭૨૧ | ૯૦૪ |
| ડુંગળી લીલી | ૨૧૮ | ૩૪૨ |
| આદુ | ૧૦૨૧ | ૧૨૨૧ |
| મરચા લીલા | ૫૩૭ | ૭૪૯ |
| લસણ લીલું | ૭૨૭ | ૧૦૧૨ |
| મકાઇ લીલી | ૧૧૯ | ૧૮૨ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૨૧ | ૧૬૧૧ |
| મગફળી જીણી | ૧૧૫૧ | ૧૬૦૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૫૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૯૬ | ૧૨૮૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૬૦૧ | ૭૭૦૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૨૩૧ |
| મઠ | ૮૨૧ | ૮૨૧ |
| રાયડો | ૯૫૧ | ૧૧૨૧ |
| રાય | ૧૦૪૧ | ૧૧૬૧ |
| મેથી | ૭૦૧ | ૧૩૫૧ |
| કાંગ | ૪૦૧ | ૫૪૧ |
| મરચા | ૧૪૦૧ | ૬૩૦૧ |
| મગફળી જાડી | ૧૦૮૧ | ૧૫૨૧ |
| મગફળી ૬૬ | ૧૫૬૧ | ૧૫૬૧ |
| તલ - તલી | ૧૧૧૧ | ૨૦૪૧ |
| મરચા સૂકા ઘોલર | ૧૫૦૧ | ૧૪૪૦૧ |
| ડુંગળી સફેદ | ૧૮૬ | ૨૫૬ |
| બાજરો | ૩૦૧ | ૩૭૧ |
| જુવાર | ૮૦૧ | ૧૦૦૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૦૧ |
| મગ | ૮૪૧ | ૨૦૦૧ |
| વાલ | ૫૫૧ | ૧૨૧૧ |
| ચોળા / ચોળી | ૫૦૧ | ૭૪૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૦૬૬ |
| ગોગળી | ૮૦૧ | ૧૦૫૧ |
| વટાણા | ૬૫૧ | ૧૦૯૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૮૦ | ૩૬૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૪૦ | ૧૬૦ |
| દુધી | ૪૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૨૪૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૧૧૪૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| તુવેર | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૬૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૪૦૦ | ૮૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૯૮૦ | ૩૦૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૪૦ |
| ડુંગળી પુરા | ૫ | ૬ |
| કોથમીર પુરા | ૪ | ૧૦ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ઘીસોડા | ૮૦ | ૫૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૨૮૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૪ | ૧૨ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૧૮૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ફણશી | ૮૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૨ | ૪ |
| પાલક પુરા | ૧ | ૩ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૩૯૫ | ૧૩૯૫ |
| શિંગ ગીરનાર | ૧૩૮૦ | ૧૪૧૫ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૫૧૦ |
| શિંગદાણા | ૧૨૦૦ | ૧૬૪૦ |
| શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૬૪૫ |
| તલ સફેદ | ૧૭૧૫ | ૧૯૩૫ |
| તલ કાળા | ૨૨૫૫ | ૪૪૨૦ |
| તલ કાશમીરી | ૧૯૭૫ | ૧૯૭૫ |
| ઘઉં ટુકડા | ૩૯૫ | ૬૨૫ |
| ઘઉં લોકવન | ૪૧૧ | ૫૪૦ |
| અડદ | ૮૮૦ | ૮૮૦ |
| ચણા | ૮૭૦ | ૧૦૩૫ |
| ચણા દેશી | ૧૦૯૫ | ૧૧૩૫ |
| સફેદ ચણા | ૭૪૦ | ૧૦૭૦ |
| છોલે ચણા | ૧૪૦૦ | ૧૪૭૦ |
| તુવેર | ૧૦૦૫ | ૧૫૦૫ |
| કપાસ | ૧૦૧૦ | ૧૬૨૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૮૫ |
| જીરૂ | ૨૬૦૦ | ૪૫૦૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૦૨૫ |
| રાય | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ધાણા | ૧૮૫૦ | ૨૨૭૦ |
| ધાણી | ૧૭૦૦ | ૨૬૫૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૬૦ |
| મરચા લાંબા | ૧૨૦૦ | ૬૫૧૦ |
| વરીયાળી | ૧૨૫૦ | ૧૮૫૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૧૩૦ | ૨૧૦ |
| કોબીજ | ૮૦ | ૧૦૦ |
| શકકરીયા | ૩૦૦ | ૩૫૦ |
| ટમેટાં | ૨૫૦ | ૩૦૦ |
| સુરણ | ૮૫૦ | ૯૫૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૨૦ | ૨૧૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મૂળા | ૨૨૦ | ૩૩૦ |
| કાકડી | ૨૦૦ | ૩૫૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૬૨૦ | ૬૭૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૩૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| વાલ | ૭૦૦ | ૭૫૦ |
| તુવેર | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૨૧૦ | ૩૨૦ |
| મેથીભાજી | ૫૨૦ | ૬૩૦ |
| ફોદીનો | ૫૩૦ | ૬૪૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૨૦ |
| બીટ | ૨૨૦ | ૨૬૦ |
| સરગવો | ૨૦૦ | ૩૧૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૮૩૦ |
| મરચાં લાલ | ૧૧૦૦ | ૧૨૬૦ |
| ડુંગળી લીલી | ૧૧૦ | ૨૨૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૭૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૬૦૦ |
| લસણ સુકું | ૧૨૫૦ | ૧૮૦૦ |
| પાલક | ૩૨૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૬૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૨૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૧૦ | ૧૪૬૦ |
| શીંગ મોટી | ૧૩૬૦ | ૧૪૯૦ |
| તલ સફેદ | ૧૫૧૦ | ૧૮૩૦ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૬૨૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૧૮૫ |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૦૪ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૫૦ |
| બાજરો | ૪૬૦ | ૫૫૦ |
| મગ | ૮૭૦ | --- |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| દેશી ચણા | ૧૦૦૫ | ૧૧૭૧ |
| તુવેર | ૧૩૫૦ | ૧૫૦૧ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૫૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| રાય/રાયડો | ૯૦૦ | --- |
| ધાણા | ૧૮૫૧ | ૨૫૫૧ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૧૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૩૫ | ૧૪૦૧ |
| મગફળી | ૧૧૦૦ | ૧૧૩૫ |
| ઘઉં | ૩૫૩ | ૪૯૦ |
| ચણા | ૯૨૫ | ૧૦૨૮ |
| તુવેર | ૧૦૧૦ | ૧૩૭૬ |
| ધાણા | ૧૬૦૦ | ૧૮૫૮ |
| રાયડો | ૯૮૦ | ૯૮૦ |
| તલ | ૧૮૩૫ | ૧૮૩૫ |
| શીંગદાણા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| મેથી | ૯૭૦ | ૯૭૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૫૯ |
| ઘઉ લોકવન | ૩૨૮ | ૫૨૪ |
| ઘઉ ટુકડા | ૩૯૦ | ૫૪૪ |
| ચણા | ૯૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૧૧૦ | ૧૯૬૦ |
| શીંગદાણા | ૧૩૫૦ | ૧૩૭૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૬૫ |
| મગ | ૮૧૦ | ૮૧૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૧૫ |
| સોયાબીન | ૮૮૦ | ૧૦૪૦ |
| રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ચણા સફેદ | ૯૦૦ | ૧૧૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૪૦ | ૧૬૦૫ |
| કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૬૦ |
| મગફળી | ૧૨૦૫ | ૧૩૮૫ |
| જીરૂ | ૩૨૪૫ | ૪૧૮૫ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૩૦ |
| ઘઉં | ૪૭૯ | ૫૨૧ |
| ધાણા | ૧૫૭૦ | ૨૨૦૦ |
| તુવેર | ૧૨૪૫ | ૧૪૩૫ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૫ | ૧૬૦૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૮૪ |
| ચણા | ૮૫૧ | ૧૦૫૧ |
| તુવેર | ૭૦૧ | ૧૫૦૧ |
| મગફળી | ૯૦૧ | ૧૨૭૧ |
| શિંગફાડા | ૧૨૫૧ | ૧૪૦૬ |
| મેથી | ૬૦૧ | ૯૦૧ |
| જીરૂ | ૧૫૦૧ | ૩૯૧૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૧૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૦૬ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૬૬ | ૧૨૬૦ | ૧૩૫૧ |
| શીંગ ૩૨ | ૧૩૦૦ | ૧૪૩૨ |
| શીંગ ૩૯ | ૧૧૫૦ | ૧૧૯૧ |
| શીંગ જી-૨૦ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| જુવાર | ૪૭૧ | ૧૦૧૪ |
| બાજરી | ૩૩૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૪૦૮ | ૭૦૦ |
| અડદ | ૭૫૦ | ૯૩૦ |
| રાય | ૧૦૦૦ | ૧૦૫૧ |
| મગ | ૬૪૦ | ૨૪૧૫ |
| ધાણા | ૪૦૦ | ૨૩૦૦ |
| ચણા | ૮૬૦ | ૧૦૫૩ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૭૭૬ |
| તલ કાળા | ૧૫૦૦ | ૪૦૦૦ |
| તુવેર | ૩૦૦ | ૧૫૦૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ડુંગળી લાલ | ૭૦ | ૨૦૩ |
| ડુંગળી સફેદ | ૨૧૨ | ૨૯૧ |
| કપાસ શંકર | ૯૫૧ | ૧૪૯૦ |
| નાળીયેર | ૬૫૦ | ૨૧૪૨ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૪૪૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૨૫ | ૫૯૧ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૦૧ |
| ઘઉં લોકવન | ૪૧૧ | ૪૯૧ |
| રાય | ૧૦૦૦ | ૧૧૯૨ |
| રાયડો | ૮૫૦ | ૧૦૪૦ |
| મેથી | ૯૦૦ | ૧૧૩૦ |
| જુવાર | ૬૭૦ | ૧૦૪૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૫૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૪ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૩૫ |
| ધાણા | ૧૫૦૦ | ૨૧૩૦ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૪૫ | ૧૫૭૦ |
| મગફળી | ૧૧૧૨ | ૧૧૧૨ |
| ચણા | ૧૦૦૯ | ૧૦૨૫ |
| સોયાબીન | ૯૭૫ | ૯૮૧ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૯૯ |
| ઘઉં | ૪૦૦ | ૪૦૦ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૭૦૦ | ૮૦૦ |
| બાજરો | ૨૦૦ | ૩૦૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૭ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૯૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૩૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૭૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૫૦૫ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૪૫૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૫૭ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૯૦ |
| રાઈ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| લસણ | ૬૩૫ | ૧૬૩૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૫ |
| જીરૂ | ૧૫૦૦ | ૪૨૧૫ |
| અજમો | ૧૯૦૦ | ૩૪૯૦ |
| અજમાની ભૂસી | ૪૫ | ૨૪૦૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૦૭૦ |
| ધાણી | ૧૭૦૦ | ૨૩૩૫ |
| મરચા | ૧૬૨૫ | ૭૬૦૫ |
| ડુંગળી | ૪૦ | ૨૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૪૯ |
| વટાણા | ૫૦૦ | ૧૦૮૦ |
| કલોજી | ૩૪૦૦ | ૩૮૦૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૩૫૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૨ |
| બાજરો | ૩૨૨ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૩૧ |
| જુવાર | ૭૦૦ | ૧૦૪૦ |
| મગ | ૬૫૧ | ૯૬૦ |
| મઠ | ૮૯૧ | ૧૫૦૦ |
| તુવેર | ૧૩૦૧ | ૧૫૦૦ |
| ચણા | ૬૫૦ | ૧૦૨૦ |
| એરંડી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ધાણા | ૧૩૦૧ | ૧૫૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૫૨ |
| રાય | ૮૦૧ | ૧૧૮૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**લુણાવાડાના ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણે વિધાનસભા ગૃહમાં પ્રશ્ન પૂછતા**

# અમરેલી જિલ્લામાં ખાદ્યપદાર્થોના લેવાયેલા નમૂના અંગે માહિતી આપતા આરોગ્યમંત્રી

**૨૦૨૪મા ૧૪૫ જયારે ૨૦૨૫મા ૧૬૭ ખાદ્યપદાર્થોના નમૂના લેવાયા**

અમરેલી,તા.૧૩

હાલ ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલી રહ્યુ છે ત્યારે વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા વિવિધ મુદાઓ અંગે રાજયમંત્રીઓને પ્રશ્નો પૂછવામાં આવી રહ્યા છે. જેમાં લુણાવાડાના ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણે અમરેલી જિલ્લામાં ખાદ્યપદાર્થોના અત્યાર સુધીના કેટલા નમૂના લેવામાં આવ્યા છે તે અંગે પ્રશ્ન પૂછવામાં આવતા આરોગ્યમંત્રીએ આ બાબતે પ્રશ્નોના જવાબ આપતા જણાવ્યુ હતુ કે, અમરેલી જિલ્લામાં સન-૨૦૨૪મા ખાદ્યપદાર્થોના કુલ ૧૪૫ નમૂના જયારે સન-૨૦૨૫મા ૧૬૭ નમૂના લેવામાં આવ્યા હતા. જેમાંથી ૨૫૪ નમૂના પ્રમાણીત થયા હતા.

જયારે ૧૫ બિનપ્રમાણીત રહ્યા હતા. ૪૩ નમૂના હાલ ચકાસણીમાં રહેલા છે. બિનપ્રમાણીત ખાદ્યપદાર્થમાં દૂધ-૮૨ લીટર કિંમત રૂ.૧૬૬૩૦ તેમજ ઘી -૧૦ કિગ્રા કિંમત રૂ.૭૦૦૦ હોવાનું જણાવ્યુ હતુ. હાલ તંત્ર દ્વારા કુલ ૧૧ કેસ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૧ સામે હાલમાં કોર્ટમાં કેસ ચાલી રહ્યો હોવાનું અંતમાં આરોગ્યમંત્રીએ જણાવ્યુ હતુ.

**જિલ્લાનું નામ- અમરેલી**

| તાલુકા | દૂધ | ઘી | પનીર | માવા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|
| અમરેલી | ૭ | ૮ | ૫ | ૨ | ૮૮ | ૧૧૦ |
| ધારી | ૧૦ | ૪ | ૦૦ | ૦૦ | ૮ | ૨૨ |
| બાબરા | ૪ | ૩ | ૦૦ | ૩ | ૨૭ | ૩૭ |
| બગસરા | ૦૦ | ૦૦ | ૦૦ | ૧ | ૨૪ | ૨૫ |
| જાફરાબાદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૩ | ૩ |
| ખાંભા | ૩ | ૧ | ૦૦ | ૦૦ | ૧૫ | ૧૯ |
| કુંકાવાવ | ૨ | ૦ | ૨ | ૦ | ૧૮ | ૨૨ |
| લાઠી | ૧ | ૧ | ૦૦ | ૦૦ | ૧૩ | ૧૫ |
| લીલીયા | ૩ | ૦૦ | ૦૦ | ૧ | ૫ | ૯ |
| સાવરકુંડલા | ૨ | ૦૦ | ૧ | ૨ | ૩૪ | ૩૯ |

# અમરેલીમાં યોજાયેલા સ્વદેશી મેળા થકી રૂા.૧૪.૫૦ લાખની આવક થઈ

**સ્વદેશી મેળામાં સ્થાનિક વેપારીઓ અને સ્વ-સહાય જૂથની બહેનોએ ભાગ લીધો હતો**

અમરેલી,તા.૧૩

શહેરી વિકાસ વિભાગ અને ગુજરાત અર્બન લાઈવલીવુડ મિશનના સહયોગથી અમરેલી નગરપાલિકા દ્વારા સીનીયર સિટીઝન પાર્ક ખાતે ૧૦ દિવસીય શોપિંગ ફેસ્ટિવલનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળાનું ઉદઘાટન રાજય મંત્રી કૌશિકભાઈ વૈકરીયાના હસ્તે કરાયું હતું. 'હર ઘર સ્વદેશી'ના સૂત્રને સાર્થક કરતા આ પ્રદર્શનમાં સ્વ-સહાય જૂથની બહેનો અને સ્થાનિક વેપારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દસ દિવસ દરમિયાન અંદાજે રૂ. ૧૪,૫૦,૭૧૨/-ની રકમ નોંધાઈ હતી. સ્વદેશી મેળામાં માતબર વસ્તુનું વેચાણ નોંધાયું હતું. આ પહેલથી સ્થાનિક રોજગારીમાં વધારો થવાની સાથે રાજ્યની આર્થિક પ્રગતિને પણ વેગ મળ્યો છે.

# ગોંડલ-કોટડા સાંગાણી રોડ પર કાર અને સ્કૂટર વચ્ચેની ટક્કરમાં એકનું મોત, બે ગંભીર

ગોંડલ,તા.૧૩



આ ઘટનાની માહિતી મુજબ, કોટડા સાંગાણીના ત્રણ મિત્રો પોતાનું કામ પતાવીને એક્ટિવા પર ગોંડલ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન પરફેક્ટ રિસોર્ટ પાસે સામેથી આવતી વેગનઆર કાર સાથે તેમનો અકસ્માત થયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે એક્ટિવા પર સવાર ત્રણેય મિત્રો રોડ પર ફંગોળાયા હતા. અકસ્માતની જાણ થતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ અને ગોંડલ નગરપાલિકાની એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જેમાં મુસ્તુફા સતારભાઈ ભખરનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતુ જ્યારે સજીદભાઈ રજાકભાઈ બેલી), રહે. કોટડા સાંગાણી, ગફારશાહ આહમદશાહ શાહમદાર (ઉંમર વર્ષ ૪૦), રહે. કોટડા સાંગાણી વાળા બન્ને ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર માટે ગોંડલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, ત્યારબાદ વધુ સારવાર અર્થે તેમને તાત્કાલિક રાજકોટ રિફર કરવામાં આવ્યા છે. મૃતક મુસ્તુફાભાઈ ભખરના લગ્ન ૧૦ વર્ષ પહેલા થયા હતા. તેમના નિધનથી પરિવારે મોભી ગુમાવ્યો છે. તેઓ સંતાનમાં એક દીકરી અને બે દીકરા ધરાવે છે. યુવાન પિતાના અકાળે અવસાનથી કોટડા સાંગાણી પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

# લીલીયાની શેત્રુંજી નદીમાં ગેરકાયદે ખનન સામે તંત્ર લાલઆંખ, મામલતદારે રેતી ભરેલા બે ડમ્પર ઝડપ્યા

લીલીયા, તા.૧૩



અમરેલી જિલ્લાના લીલીયા પંથકમાં શેત્રુંજી નદીના પટમાંથી ચાલતી રેતીની ગેરકાયદે ચોરી સામે મામલતદારે કડક કાર્યવાહી હાથ ધરી છે. નામદાર હાઈકોર્ટના પ્રતિબંધ હોવા છતાં મોટા કણકોટ વિસ્તારમાંથી ભૂ-માફિયાઓ દ્વારા રેતી ઉસેડવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠી હતી. આ અગાઉ જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત સહિતના આગેવાનોએ પણ રજૂઆત કરી હતી. જેના પગલે લીલીયા મામલતદાર એચ.ડી. વાડાએ લાલઆંખ કરી તપાસ તેજ કરી હતી. તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહીમાં સનાળીયા ચોકડી નજીકથી એક ડમ્પર (જીજે ૧૮ એયુ ૪૪૩૯) અને મામલતદાર કચેરી સામેથી અન્ય એક ડમ્પર (જીજે ૧૩ વી ૭૯૪૮) બિનકાયદેસર રેતી સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. તંત્રએ અંદાજે રૂ.૬.૫૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી માટે લીલીયા પોલીસને સોંપ્યો છે. આ કામગીરીથી ભૂ-માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# અમરેલીના સાજીયાવદર ગામે રવિવારે સેવાકિય કાર્ય કરાશે

અમરેલી,તા. ૧૩

અમરેલી તાલુકાના સાજીયાવદર પ્રાથમિક શાળા ખાતે આગામી રવિવારના રોજ વિવિધ સેવાકિય કાર્યો કરવામાં આવશે. સ્વ.કેસરબેન જીવરાજભાઈ સાવલીયા માનવ સેવા ટ્રસ્ટ સાજીયાવદર દ્વારા તા.૧૫ રવિવારના રોજ સાજીયાવદર પ્રાથમિક શાળા ખાતે સવારના ૮ કલાકે આ કાર્યક્રમ યોજાશે. જેમાં છેલ્લા ૨૦ વર્ષ આર્થિક સહયોગ આપતા દાતાઓ દ્વારા નિઃશુલ્ક છાસ વિતરણ કરવામાં આવી રહ્યુ છે.

આંગણવાડીથી લઈ ધોરણ ૮ સુધીના ૧૨૦ બાળકોનું મોર્નીંગ કિટનું વિતરણ તેમજ આર્થિક વિધવા બહેનોના સહયોગથી તમામને વિના મૂલ્યે ચપલ વિતરણ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયા ખાસ હાજર રહેશે. તેમ ટ્રસ્ટ મંડળના પ્રમુખ અને સરપંચ બાબુભાઈ સાવલીયાની યાદીમાં જણાવાયુ છે.

**સમારંભના અધ્યક્ષ તરીકે રાજયમંત્રી કૌશિક વેકરીયા હાજર રહેશે**

# વિદેશી દારૂના જથ્થા સાથે પકડાયેલ આરોપીના જામીન મંજૂર કરતી અમરેલી સેશન્સ કોર્ટ

અમરેલી,તા.૧૩

સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા બાબરાના ગળકોટડી ગામની સીમમાં રેઈડ પાડી કુલ રૂ.૧ કરોડથી વધુની કિંમતના વિદેશી દારૂ અને વાહનો સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ચકચારી કેસમાં મુખ્ય આરોપી અશોકભાઈ હમીરભાઈ પટેલ વતી એડવોકેટ પિન્ટુ ગોરખીયાએ ધારદાર કાયદાકિય દલીલો રજૂ કરી હતી. તેમણે નામદાર કોર્ટ સમક્ષ રજૂઆત કરી કે જ્યાં સુધી ગુનો સાબિત ન થાય ત્યાં સુધી આરોપીને નિર્દોષ માનવાનો મૂળભૂત સિધ્ધાંત છે અને લાંબો સમય જેલમાં રાખવો તે 'પ્રી-ટ્રાયલ પનિશમેન્ટ' સમાન ગણાય. હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓને ટાંકીને કરવામાં આવેલી આ તર્કબદ્ધ દલીલોને ગ્રાહ્ય રાખી અમરેલીના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ રિઝવાના બુખારીએ આરોપીને જામીન પર મુક્ત કરવાનો ન્યાયિક હુકમ કર્યો છે.

# રાજુલામાં ગમખ્વાર અકસ્માત: પોલીસ સ્ટેશન સામે જ કારે બે મહિલાઓને અડફેટે લીધી

**અકસ્માતમાં એક મહિલાનું મોત, સીસીટીવીના આધારે કાર ચાલક ઝડપાયો**

રાજુલા,તા.૧૩

રાજુલા શહેરમાં પોલીસ સ્ટેશનની બિલકુલ સામે એક અત્યંત ગંભીર અકસ્માતની ઘટના ઘટી છે. રસ્તા પર પગપાળા જઈ રહેલી બે મહિલાઓને પૂરઝડપે આવતા એક કાર ચાલકે જોરદાર ટક્કર મારી હતી. આ કરુણ દુર્ઘટનામાં દયાબેન સુરેશભાઈ વરૂ નામના મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા અને તેમનું ઘટનાસ્થળે જ નિવેદન આપ્યા પૂર્વે મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે તેમની સાથે રહેલી અન્ય એક મહિલાનો આબાદ બચાવ થયો હતો. અકસ્માત સર્જાતા જ સ્થાનિક પોલીસ તાત્કાલિક મદદ માટે દોડી આવી હતી અને બંને મહિલાઓને હોસ્પિટલ ખસેડી હતી, જ્યાં ફરજ પરના તબીબોએ દયાબેનને મૃત જાહેર કર્યા હતા.

આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. પોલીસે ફૂટેજ અને તપાસના આધારે અકસ્માત સર્જનાર કાર ચાલકની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલી જિલ્લા ભાજપ અને લાયન્સ ક્લબ રોયલ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

અમરેલી,તા.૧૩



અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટી અને લાયન્સ ક્લબ રોયલ અમરેલીના સંયુક્ત ઉપક્રમે શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે માનવ સેવાના અભિગમ સાથે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ઉપપ્રમુખ મેહુલભાઈ ધોરાજીયા, મહામંત્રી મયુરભાઈ માંજરિયા, ખજાનચી મહેશ જાવિયા અને શહેર ભાજપ પ્રમુખ વિજય ચોટલિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શહેર ભાજપ મહામંત્રી રાકેશ સાવલિયા, રેખાબેન પરમાર, આરતીબેન અટારા, જિલ્લા યુવા મોરચાના પ્રમુખ ચેતન ધાનાણી, અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ સંદિપ સોલંકી, લઘુમતી મોરચાના પ્રમુખ રજાળ કચરા તેમજ તાલુકા ભાજપના મહામંત્રી કાળુભાઈ વાળા હાજર રહ્યા હતા. આ ઉપરાંત પ્રવિણભાઈ ચાવડા, રણજીતભાઈ વાળા, મહેન્દ્રભાઈ ચાવડા, રજનીભાઈ મકવાણા, લાયન્સ ક્લબ રોયલના રાકેશ નાકરાણી અને અન્ય કાર્યકર્તાઓએ સિવિલ હોસ્પિટલ ખાતે હાજરી આપી રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો, તેમ જિલ્લા ભાજપના વિપુલ ભટ્ટીની યાદીમાં જણાવાયું છે.

# અમરેલી જિલ્લા કલેક્ટર કેરિયાનાગસ પ્રાથમિક શાળાની મુલાકાતે

અમરેલી,તા.૧૩



અમરેલી જિલ્લાના શિક્ષણ સ્તરને વધુ ઉંચુ લાવવા અને શાળાઓની પ્રત્યક્ષ સ્થિતિ જાણવાના હેતુથી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા કેરિયાનાગસ પ્રાથમિક શાળાની આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન કલેક્ટરે શાળાના વર્ગખંડો, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, મધ્યાહન ભોજન અને શાળાના ભૌતિક સંસાધનોનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધીને તેમના શિક્ષણ વિશે પૃચ્છા કરી હતી અને બાળકોને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના આચાર્ય અને સ્ટાફ સાથેની ચર્ચામાં તેમણે નવી શિક્ષણ નીતિ (NEP ૨૦૨૦)ના અમલીકરણ અને બાળકોના સર્વાંગી વિકાસ માટે જરૂરી મહત્વનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શાળાના આચાર્ય રસિકભાઈ મહેતાએ કલેક્ટરની આ મુલાકાતને ગૌરવની ક્ષણ ગણાવી હતી અને તેમના માર્ગદર્શન હેઠળ શાળાને આદર્શ વિદ્યાધામ બનાવવા માટે વધુ જોશથી કાર્ય કરવાની નેમ વ્યક્ત કરી હતી. આ મુલાકાત બદલ કેરિયાનાગસ ગ્રામ પંચાયત, એસ.એમ.સી. કમિટી અને શાળા પરિવારે કલેક્ટર સાહેબનો આભાર વ્યક્ત કર્યો હતો. આ મુલાકાત દરમિયાન અમરેલીના પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સરપંચ રાજુભાઈ મેવાડા, રાજુભાઈ ઠાકોર તેમજ તલાટી કમ મંત્રી સહિતના અધિકારીઓ અને આગેવાનો હાજર રહ્યા હતા.

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૭૭/૨૦૨૬ તા.૧૦/૦૩/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. વડગામ મોમીન અબ્દુલભાઈ વાઈફ ઓફ લુલાણીયા ઘાંચી અનિષભાઈ
રહે.૧૨૨૨, સ્ટેશન રોડ, ભરતનગર સામે, વ્યારા, તા. વ્યારા જી. તાપી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ-મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી સાવરકુંડલા
તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી વડગામ મોમીન અબ્દુલભાઈનો જન્મ તા.૧૭/૦૫/૧૯૭૨ ના રોજ મુ. તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૧૧/૨૦૨૬ તા.૧૦/૦૩/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. પ્રવીણભાઈ ભુરાભાઈ વઘાસીયા
રહે.૪૩ શ્રી નાથજીદ્વાર સોસાયટીની બાજુમાં સીતાનગર ચોક, પુણાગામ સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ-મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી સાવરકુંડલા
તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી કૃતિકાબેન પ્રવીણભાઈ વઘાસીયાનો જન્મ તા.૨૮/૦૭/૧૯૯૬ ના રોજ મુ. તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૭૬/૨૦૨૬ તા.૧૦/૦૩/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. વડગામા યુનુસભાઈ અબ્દુલભાઈ
રહે.પઠાણ સ્ટ્રીટ, જુના બસ સ્ટેંડ પાછળ સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ-મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી સાવરકુંડલા
તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી વડગામા યુનુસભાઈ અબ્દુલભાઈનો જન્મ તા.૦૬/૦૫/૧૯૬૩ ના રોજ મુ. તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.112/2026
જન્મ તારીખ : 01/06/1980

શ્રી આમદભાઈ ઈશાકભાઈ સુરૈયા
રહે.મેમણ સોસાયટી, કોડીનાર, ગામ-કોડીનાર,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત વડનગર, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી આમદભાઈ ઈશાકભાઈ સુરૈયા, રહે.મેમણ સોસાયટી, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી આમદભાઈ ઈશાકભાઈ સુરૈયા તથા જરીનાબેન આમદભાઈ સુરૈયા ના પુત્ર આરિફ આમદભાઈ સુરૈયા નો જન્મ તારીખ.01/06/1980ના રોજ કોડીનાર તાલુકાના વડનગર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૩/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# પીએમ મોદીની આસામ મુલાકાત : રૂ.૪૭,૬૦૦ કરોડના વિકાસ કાર્યોની ભેટ સાથે કિસાન નિધિનો ૨૨મો હપ્તો ચુકવ્યો

નવી દિલ્હી, તા.૧૩



આસામ વિધાનસભા ચૂંટણીની જાહેરાત પૂર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજ્યની બે દિવસીય મુલાકાતે છે. છેલ્લા ચાર મહિનામાં તેમની આ ચોથી મુલાકાત છે, જે દરમિયાન તેઓ રૂ.૪૭,૬૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. કોકરાઝારમાં પીએમ મોદી 'આસામ માલા ૩.૦' હેઠળ ૯૦૦ કિમીથી વધુના રસ્તાઓનું ભૂમિપૂજન કરશે. સાથે જ, ત્રણ નવી ટ્રેનોને લીલી ઝંડી આપશે અને ચાના બગીચાના કામદારોને જમીનના પટ્ટાનું વિતરણ કરશે. વધુમાં, પીએમ મોદી દેશના ૯૩૦ મિલિયનથી વધુ ખેડૂતોના ખાતામાં 'પીએમ કિસાન યોજના'નો ૨૨મો હપ્તો જમા કરાવ્યો છે. ગુવાહાટીમાં કામાખ્યા મંદિર રોપવે પ્રોજેક્ટ અને એકતા મોલ જેવી સુવિધાઓનો શિલાન્યાસ પણ કરવામાં આવશે. નુમાલીગઢ રિફાઈનરીના વિસ્તરણ અને ગેસ ગ્રીડ પ્રોજેક્ટ્સ દ્વારા ઉત્તર-પૂર્વની કનેક્ટિવિટી અને ઊર્જા ક્ષમતામાં મોટો વધારો થશે. ચૂંટણી પૂર્વેની આ મુલાકાત આસામના વિકાસ અને માળખાગત સુવિધાઓ માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે.

# યુપીના બુલંદશહેરમાં જંગલમાંથી એક જ પરિવારના ત્રણ સભ્યોના મૃતદેહ મળી આવતા ખળભળાટ

બુલંદશહેર, તા.૧૩



ઉત્તર પ્રદેશના બુલંદશહેરના ખુર્જા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નેહરુપુર પાસેના જંગલમાંથી એક જ પરિવારના ત્રણ સભ્યોના મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં સનસનાટી મચી ગઈ છે. મૃતકોમાં એક મહિલા, તેનો સાળો અને માસૂમ પુત્રીનો સમાવેશ થાય છે. પ્રાથમિક અહેવાલો મુજબ, યુવાન અને બાળકીના મૃતદેહ જમીન પરથી મળી આવ્યા હતા, જ્યારે મહિલાનો મૃતદેહ ઝાડ પર લટકતી હાલતમાં મળ્યો હતો. મૃતક યુવાનની ઓળખ પશ્ચિમ બંગાળના વિમલ સરકાર તરીકે થઈ છે, જેઓ ખુર્જા વિસ્તારમાં માટીકામ ઉદ્યોગમાં મજૂરી કરતા હતા. ઘટનાની જાણ થતા જ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા અને ફોરેન્સિક તપાસ હાથ ધરી હતી. પોલીસે આ મામલે હત્યા અને આત્મહત્યા બંને દ્રષ્ટિકોણથી તપાસ શરૂ કરી છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે. પોલીસ હાલ કૌટુંબિક વિવાદ અથવા પ્રેમ પ્રકરણના પાસાંઓ પર તપાસ કરી રહી છે. આ કરુણ ઘટનાએ શ્રમિક પરિવારની આંતરિક મુશ્કેલીઓ અને સુરક્ષા સામે અનેક ગંભીર સવાલો ઊભા કર્યા છે.

# ગુજરાત હાઈકોર્ટનો નિર્ણય : દુષ્કર્મ પીડિતાને ગર્ભપાતની મંજૂરી ન મળી, સરકાર ઉઠાવશે તમામ ખર્ચ

અમદાવાદ, તા.૧૩



વડોદરાની ૨૬ સપ્તાહની ગર્ભવતી સગીરાની ગર્ભપાતની અરજી પર ગુજરાત હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. મેડિકલ બોર્ડના રિપોર્ટને આધારે, સગીરાના જીવનું જોખમ જણાતા કોર્ટે ગર્ભપાતની મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો છે. જોકે, કોર્ટે માનવતાવાદી અભિગમ અપનાવી આદેશ આપ્યો છે કે પીડિતાની ડિલિવરીથી લઈને આગામી ૬ મહિના સુધી માતા અને બાળકના ભરણપોષણનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. જો સગીરા બાળક રાખવા ન માંગતી હોય તો તેને દત્તક સંસ્થાને સોંપી શકાશે. વધુમાં, સગીરાના રહેઠાણ, અભ્યાસ અને વ્યવસાયિક તાલીમની જવાબદારી પણ તંત્રને સોંપવામાં આવી છે જેથી તે ભવિષ્યમાં આત્મનિર્ભર બની શકે.

# નીતિગત નિર્ણય હોવાનું જણાવી માસિક રજાની માંગ કરતી અરજી પર સુનાવણીનો સુપ્રીમ કોર્ટનો ઈનકાર

નવી દિલ્હી, તા.૧૩



સુપ્રીમ કોર્ટે દેશભરની વિદ્યાર્થિનીઓ અને કામકાજી મહિલાઓ માટે ફરજિયાત માસિક રજા માંગતી અરજી પર સુનાવણી કરવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. સીજેઆઈ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે જણાવ્યું હતું કે આ એક નીતિગત વિષય છે, જેનો નિર્ણય સરકાર દ્વારા લેવો જોઈએ. કોર્ટે અવલોકન કર્યું કે આવી ફરજિયાત વ્યવસ્થાથી મહિલાઓને નુકસાન થઈ શકે છે, કારણ કે નોકરીદાતાઓ તેમને મહત્વની જવાબદારીઓ સોંપવામાં અચકાશે, જે તેમની કારકિર્દી પર નકારાત્મક અસર પાડી શકે છે. અરજદાર શૈલેન્દ્ર મણિ ત્રિપાઠીએ દલીલ કરી હતી કે ગર્ભાવસ્થા દરમિયાન રજા મળે છે તો માસિક ધર્મ માટે પણ જોગવાઈ હોવી જોઈએ. જોકે, ન્યાયાધીશ જાયમલ્યા બાગચીએ આ મુદ્દાના આર્થિક અને વ્યવહારિક પાસાઓ પર ભાર મૂકતા વ્યવસાયિક મોડેલ અંગે વિચારવા જણાવ્યું હતું. કોર્ટે સ્પષ્ટ કર્યું કે કેરળ કે ઓડિશા જેવા રાજ્યોમાં આવી છૂટછાટ હોઈ શકે છે, પરંતુ સમગ્ર દેશ માટે સમાન નિર્દેશ આપવો એ સરકારના કાર્યક્ષેત્રમાં આવે છે. અંતે, કોર્ટે અરજદારને આ મામલે સરકારનો સંપર્ક કરવા સૂચના આપી અરજી ફગાવી દીધી હતી.

# પણજી મ્યુનિસિપલ ચૂંટણીમાં ભાજપની ઐતિહાસિક જીત : ૩૦માંથી ૨૭ બેઠકો પર ભગવો લહેરાયો

પણજી, તા.૧૩

પણજી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપે પ્રચંડ વિજય મેળવી વિરોધ પક્ષોના સૂપડા સાફ કરી દીધા છે. કુલ ૩૦ વોર્ડમાંથી ભાજપ સમર્થિત પેનલે ૨૭ બેઠકો પર કબજો જમાવીને પોતાનો ગઢ અકબંધ રાખ્યો છે, જ્યારે વિપક્ષના ફાળે માત્ર ૩ બેઠકો આવી છે. ૧૧ માર્ચે બેલેટ પેપર દ્વારા થયેલા મતદાન બાદ આજે શ્યામા પ્રસાદ મુખર્જી સ્ટેડિયમ ખાતે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. આ ચૂંટણીમાં ભાજપનું નેતૃત્વ અતાનાસિયો 'બાબુશ' મોન્સેરેટ દ્વારા કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે ૬૯.૦૭% જેટલા ઊંચા મતદાન બાદ આવેલા આ પરિણામોએ ભાજપની લોકપ્રિયતા પર મહોર મારી છે. વિરોધ પક્ષો અને અપક્ષોના સંયુક્ત મોરચા સામે ભાજપે એકતરફી વિજય મેળવીને પણજીમાં પોતાની પકડ મજબૂત બનાવી છે. આ જીત બાદ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# સૌરાષ્ટ્રના ઘેડ વિસ્તારની જળ સમસ્યાના ઉકેલ માટે રૂ. ૧,૪૨૩ કરોડના પ્રોજેક્ટને મંજૂરી

અમરેલી,તા.૧૩



સૌરાષ્ટ્રના સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તારમાં ચોમાસા દરમિયાન ભરાતા વરસાદી પાણીની વર્ષો જૂની સમસ્યાના કાયમી નિવારણ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ફેઝ-૨ માટે રૂ. ૧,૪૨૩.૪ કરોડની યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટથી જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના ૬ તાલુકાના ખેડૂતોને સીધો લાભ મળશે. જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે ફેઝ-૧ ના રૂ. ૧૩૯.૪૨ કરોડના કામો હાલ પ્રગતિ હેઠળ છે, જે આગામી ૨૦૨૬ના ચોમાસા પહેલા પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. આ ભગીરથ કાર્યમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને સ્થાનિક ધારાસભ્યોએ સતત પ્રયત્નો કરેલ હતા. ઘેડ વિસ્તાર ભાદર, ઓઝત અને મધુવંતી જેવી નદીઓના મુખ ત્રિકોણ પ્રદેશમાં આવેલો હોવાથી અહીં નદીઓ છીછરી અને કાંઠા વગરની છે. પરિણામે, ચોમાસામાં ચાર-પાંચ મહિના સુધી જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાય છે. સેકોન કન્સલટન્ટના સર્વે અને આઈ.આઈ.ટી. ગાંધીનગરના રિવ્યુ બાદ તૈયાર થયેલી આ યોજનામાં નદીઓનું ડિસિલ્ટીંગ, સાંકળા પુલોને તોડી નવા મોટા ગાળાના સી.ડી. વર્ક્સ બનાવવા અને ટાઈડલ રેગ્યુલેટરના નવીનીકરણનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતા દરિયાઈ ખારાશ અટકશે અને જળસંગ્રહ શક્તિ વધતા ખેડૂતો શિયાળુ પાક પણ સારી રીતે લઈ શકશે.

# હોર્મુઝની ખાડીમાંથી બે ભારતીય LPG ટેન્કરોને પસાર થવા માટે ઈરાનની લીલીઝંડી

ન્યૂ દિલ્હી,તા.૧૩





પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ગંભીર સંઘર્ષના કારણે હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલી તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે ભારત માટે એક અત્યંત રાહતના સમાચાર સામે આવ્યા છે. ઈરાને ભારતના બે મહત્વના **LPG** ટેન્કરોને આ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા દરિયાઈ માર્ગમાંથી પસાર થવાની વિશેષ મંજૂરી આપી દીધી છે. યુધ્ધ જેવી સ્થિતિને કારણે જ્યારે આ સમગ્ર વિસ્તાર બ્લોક કરવામાં આવ્યો છે ત્યારે ઈરાનનો આ નિર્ણય ભારત અને ઈરાન વચ્ચેના મજબૂત રાજદ્વારી સંબંધોને સ્પષ્ટપણે દર્શાવે છે. આ નિર્ણયથી ભારતમાં ઈંધણની પૂર્તિમાં પડનારી સંભવિત અડચણો દૂર થશે અને ઉર્જા સુરક્ષા જળવાઈ રહેશે.

વર્તમાન સમયમાં જ્યારે વૈશ્વિક સ્તરે તેલ અને ગેસના પુરવઠા પર જોખમ તોળાઈ રહ્યું છે ત્યારે ભારતને મળેલી આ છૂટછાટ આર્થિક દ્રષ્ટિએ ખૂબ જ નિર્ણાયક સાબિત થશે જે બંને દેશોના પરસ્પર વિશ્વાસનું પ્રતિક છે.

# પશ્ચિમ બંગાળ ચૂંટણી : ભાજપે ૧૬૦થી વધુ ઉમેદવારોના નામ નક્કી કર્યા, ટૂંક સમયમાં પ્રથમ યાદી જાહેર થશે

કોલકાતા, તા.૧૩



પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે ભાજપે કમર કસી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાને મળેલી કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં અડધાથી વધુ બેઠકો એટલે કે આશરે ૧૬૦ ઉમેદવારોના નામ નક્કી કરવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, કોલકાતામાં પીએમ મોદીની રેલી બાદ આ પ્રથમ યાદી જાહેર થઈ શકે છે. આ વખતે ભાજપે પક્ષપલટુઓ અને ફિલ્મી કલાકારોને બદલે પાયાના કાર્યકરો અને વફાદાર નેતાઓ પર પસંદગી ઉતારી છે. સુવેન્દુ અધિકારી અને દિલીપ ઘોષ જેવા દિગ્ગજ ચહેરાઓ આ યાદીમાં સામેલ છે. જીતવાની ક્ષમતા અને સ્થાનિક સમીકરણોને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે.

# પાકિસ્તાને કરેલા હુમલાના જવાબમાં અફઘાનિસ્તાને વળતો હુમલો કર્યો

કાબુલ,તા.૧૩



અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે શુક્રવારે પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં આવેલા કોહાટ વિસ્તારમાં હવાઈ હુમલા કર્યા હોવાનો દાવો કર્યો છે. આ કાર્યવાહી પાકિસ્તાની સેના દ્વારા અગાઉ કાબુલ અને કંધારમાં કરવામાં આવેલા હુમલાના જવાબમાં કરવામાં આવી હતી. પાકિસ્તાની હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત છ લોકોના મોત થયા હતા અને પંદર લોકો ઘાયલ થયા હતા. તાલિબાનના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે જણાવ્યું કે પાકિસ્તાને નાગરિક વિમાનોને ઈંધણ પૂરું પાડતા ડેપોને નિશાન બનાવ્યો હતો.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની પ્રેરક ઉપસ્થિતિમાં 'થર્સ ડે થોટ્સ' વિચાર મહોત્સવની ભવ્ય ઉજવણી

રાજકોટ, તા.૧૩



રાજકોટના કેનાલ રોડ સ્થિત હેપ્પીનેસ બેન્ક્વેટ હોલ ખાતે સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ-સુરત દ્વારા આયોજિત 'થર્સ ડે થોટ્સ' કાર્યક્રમના ૧૫૦મા મણકાની 'વિચાર મહોત્સવ' તરીકે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ૧૦૦ શ્રેષ્ઠ વિચારોના સંકલનરૂપી પુસ્તકનું વિમોચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સકારાત્મક વિચારો જ રાષ્ટ્ર ઘડતરનો પાયો છે અને નવી પેઢીમાં સંસ્કારોનું સિંચન કરવું એ જ સાચી રાષ્ટ્રસેવા છે. રાજ્યપાલે નવી પેઢીને વૈચારિક રીતે મજબૂત બનાવવા પર ભાર મૂકતા બાળકોને આવા સામાજિક કાર્યક્રમોમાં જોડવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં દિલીપભાઈ સંઘાણી સહિત અનેક અગ્રણી ઉદ્યોગપતિઓ અને સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# હોટલ, રેસ્ટોરન્ટમાં કોલસો, કેરોસીન જેવા ઈંધણને કેન્દ્ર સરકારની મંજૂરી

ન્યૂ દિલ્હી,તા.૧૩




પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ભારતમાં રાંધણ ગેસના પુરવઠા પર પ્રતિકૂળ અસર પડી છે. ગેસની આ અછતને પહોંચી વળવા અને ઘરેલું ગ્રાહકોને કોઈ મુશ્કેલી ન પડે તે હેતુથી કેન્દ્ર સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ લોકસભામાં જાહેરાત કરી છે કે હોટલ, રેસ્ટોરન્ટ અને ઉદ્યોગો માટે હવે કોલસો, કેરોસીન અને બાયોમાસ જેવા વૈકલ્પિક ઈંધણોના ઉપયોગને મંજૂરી આપવામાં આવી છે. આ પગલાથી **LPG** પરનું દબાણ ઘટશે અને સામાન્ય નાગરિકોને રાંધણ ગેસ મળતો રહેશે. પર્યાવરણ મંત્રાલયે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને સ્પષ્ટ સૂચના આપી છે કે હોસ્પિટાલિટી ક્ષેત્રમાં એક મહિના સુધી બાયોમાસ, **RDF** પેલેટ્સ અને કોલસાના ઉપયોગની છૂટ આપવામાં આવે. આ સંકટ સમયે ઉદ્યોગોને મદદ કરવા માટે કોલ ઈન્ડિયા અને સિંગરેણી કોલિયરીઝને નાના તેમજ મધ્યમ ગ્રાહકોને વધુ પ્રમાણમાં કોલસો ફાળવવા આદેશ અપાયો છે. આ ઉપરાંત, કેન્દ્ર સરકારે રાજ્યોને ત્રિમાસિક ક્વોટા ઉપરાંત વધારાનું ૪૮,૦૦૦ કિલોલીટર કેરોસીન પણ ફાળવ્યું છે, જેથી ઈંધણની જરૂરિયાત સંતોષી શકાય. આમ, સરકાર વિવિધ મોરચે પ્રયાસો કરીને ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરી રહી છે.

# રાજ્યસભા ચૂંટણીમાં ક્રોસ વોટિંગના ડરથી કોંગ્રેસે ૧૨ ધારાસભ્યોને બેંગલુરુના રિસોર્ટમાં ખસેડ્યા

નવી દિલ્હી, તા.૧૩



રાજ્યસભાની આગામી ચૂંટણીઓમાં ક્રોસ વોટિંગ અને તોડજોડના રાજકારણના ડરથી કોંગ્રેસ હાઈકમાન્ડ સાવધ બન્યું છે. પોતાના મતો સુરક્ષિત રાખવા માટે કોંગ્રેસે તેના ૧૨ ધારાસભ્યોને તાત્કાલિક અસરથી બેંગલુરુના એક ખાનગી રિસોર્ટમાં ખસેડ્યા છે. આ તમામ ધારાસભ્યો મોડી રાત્રે બેંગલુરુ પહોંચ્યા હતા, જ્યાં ચુસ્ત સુરક્ષા વચ્ચે તેમને રાખવામાં આવ્યા છે. કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડી.કે. શિવકુમારે આ બાબતે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે પ્રદેશ સમિતિની સૂચના મુજબ ધારાસભ્યોની વ્યવસ્થા કરવામાં આવી છે અને તેઓ વિધાનસભાની કાર્યવાહી બાદ તેમને મળશે. વર્ષ ૨૦૨૬ની રાજ્યસભા ચૂંટણીના જાહેર થયેલા સમયપત્રક મુજબ, ૧૦ રાજ્યોની ૩૭ બેઠકો માટે ૧૬ માર્ચે મતદાન યોજાનાર છે. કોંગ્રેસે રણનીતિના ભાગરૂપે પોતાના ધારાસભ્યોને અન્ય રાજ્યોના પ્રલોભનોથી દૂર રાખવા માટે 'રિસોર્ટ પોલિટિક્સ'નો સહારો લીધો છે. મતદાનના દિવસે આ ધારાસભ્યોને બેંગલુરુથી સીધા ભુવનેશ્વર લઈ જવામાં આવશે. ઉલ્લેખનીય છે કે નામાંકન પરત ખેંચવાની મુદત પૂર્ણ થયા બાદ હવે રાજકીય ખેંચતાણ તેજ બની છે. કોંગ્રેસના આ પગલાથી રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાઓ જાગી છે કે શું પક્ષને પોતાના જ ધારાસભ્યો પર વિશ્વાસ નથી અથવા વિરોધ પક્ષ દ્વારા કોઈ મોટું ઓપરેશન પાર પાડવાની શક્યતા છે.

# રાજયમાં કાળઝાળ ગરમીનો કેર : હવામાન વિભાગ દ્વારા રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર

અમદાવાદ, તા.૧૩




ગુજરાતમાં ઉનાળાના પ્રારંભે જ આકરી ગરમીએ માઝા મૂકી છે, જેમાં માર્ચ મહિનામાં જ તાપમાન સામાન્ય કરતાં ૫થી ૮ ડિગ્રી ઊંચું નોંધાતા જનજીવન પ્રભાવિત થયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં હીટવેવથી સીવિયર હીટવેવની સ્થિતિ સર્જાઈ છે, જેના પગલે અનેક જિલ્લાઓમાં રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ જારી કરવામાં આવ્યા છે. ખાસ કરીને રાજકોટમાં પારો ૪૨ ડિગ્રી સેલ્સિયસને પાર કરી જતાં છેલ્લા ત્રણ વર્ષનો રેકોર્ડ તૂટ્યો છે, જ્યારે દીવમાં ગરમીએ ૧૦૦ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે. રાજકોટ અને સુરેન્દ્રનગર જેવા વિસ્તારોમાં રેડ એલર્ટ જાહેર કરાયું છે, જ્યારે અમદાવાદ અને વડોદરા સહિતના મધ્ય અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટની અસર જોવા મળી રહી છે. આગામી ૧૬ માર્ચ સુધી ગરમીનું આ જોર યથાવત રહેવાની શક્યતા છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનોની ગતિ ધીમી પડતા ભેજ અને બફારાનું પ્રમાણ પણ વધ્યું છે, જેના કારણે બપોરના સમયે રસ્તાઓ સુમસામ ભાસી રહ્યા છે અને તંત્ર દ્વારા નાગરિકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

# અરવલ્લીમાં શામળાજી બોર્ડર પાસે ભાગવા જતા આરોપી પર એસએમસીનો ગોળીબાર

અરવલ્લી, તા.૧૩




અરવલ્લી જિલ્લાની શામળાજી બોર્ડર નજીક સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા ફાયરિંગની ઘટના સામે આવી છે. પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલા અને રાજસ્થાનમાંથી ઝડપાયેલા એક આરોપીને જ્યારે પોલીસની ટીમ ગુજરાત લાવી રહી હતી, ત્યારે તેણે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. શામળાજી નજીક અણસોલ ગામ પાસે આરોપીએ પોલીસ કસ્ટડીમાંથી છટકી જવાની કોશિશ કરતા એસએમસીના જવાનોએ તેને રોકવા માટે ગોળીબાર કરવો પડ્યો હતો. આ ફાયરિંગમાં આરોપીને ખભાના ભાગે ગોળી વાગી હતી, જેના કારણે તે ઈજાગ્રસ્ત થયો હતો. પોલીસ દ્વારા તાત્કાલિક ધોરણે આરોપીને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની હાલત હાલ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે આરોપી વિરુધ્ધ દારૂબંધીના ગંભીર ગુનાઓ નોંધાયેલા હતા. આ ચકચારી ઘટનાને પગલે સ્થાનિક પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા સમગ્ર મામલે ઊંડી તપાસ હાથ ધરવામાં આવી છે અને ઘટનાસ્થળે કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી રહી છે.



# ભક્ષક : રાજકોટમાં પોલીસકર્મી દ્વારા વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચરતા ખળભળાટ

રાજકોટ, તા.૧૩



રાજકોટમાં કાયદાના રક્ષક ગણાતા પોલીસકર્મીએ જ માનવતા લજવી છે. ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અમિત ચૌહાણ નામના પોલીસકર્મી પર MBAની વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ આચરવાનો ગંભીર આક્ષેપ થયો છે. આરોપીએ સોશિયલ મીડિયા દ્વારા મિત્રતા કેળવી, લગ્નની ખોટી લાલચ આપી વિદ્યાર્થિનીનું શારીરિક શોષણ કર્યું હતું. બાદમાં પીડિતાને જાણ થઈ કે આરોપી પરિણીત છે. પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે, પરંતુ પીડિતાએ આક્ષેપ કર્યો છે કે પોલીસ દ્વારા આરોપીને બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને ફરિયાદ નોંધાવવા માટે તેને સાત દિવસ સુધી ધક્કા ખાવા પડ્યા હતા.

# બનાસકાંઠામાં ચાલતી બસમાં ભીષણ આગ : એક મુસાફરનું મોત અને આઠ ગંભીર રીતે દાઝ્યા

બનાસકાંઠા, તા.૧૩



બનાસકાંઠાના નેનાવા પાસે જેસલમેરથી અમદાવાદ જતી એક ખાનગી સ્લીપર ટ્રાવેલ્સમાં મધ્યરાત્રિએ ભયાનક આગ ફાટી નીકળી હતી. મુસાફરો ગાઢ નિદ્રામાં હતા ત્યારે અચાનક લાગેલી આગને કારણે ચીસાચીસ મચી ગઈ હતી. આ હૃદયદ્રાવક દુર્ઘટનામાં એક મુસાફરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે આઠ મુસાફરો ગંભીર રીતે દાઝી જતાં તેમને ધાનેરાની રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અનેક મુસાફરોએ બારીના કાચ તોડી જીવ બચાવ્યો હતો. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. હાલ પોલીસ અને RTO વિભાગ બસની ફિટનેસ અને આગ લાગવાના કારણો અંગે તપાસ કરી રહ્યા છે.





